
# વિવિધ પ્રાચીન સ્તવનાવલી

## ૨૫



# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨

જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪

નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# વિવિધ પ્રાચીન સ્તવનાવલી

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ-૩૮૦૦૦૯

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડ્યા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી શંત્રુજય સિધ્ધક્ષેત્ર | શ્રી શુભવિરવિજયજી | ૧ |
| આદિશ્વર જિનરાયનો ગણધર | શ્રી દાનવિજયજી | ૧ |
| સિમંધર વિતરાગ | શ્રી કિર્તિવિજયજી | ૨ |
| શ્રી સિમંધર જગધણી | શ્રી ભાણવિજયજી | ૨ |
| શ્યામલ વાન સોહામણા | શ્રી જ્ઞાનવિમલજી | ૩ |
| મહાસુદી આઠમને દિને | શ્રી પદ્મવિજયજી | ૩ |
| આજ ઓચ્છવ થયો મુજ ઘરે | શ્રી જ્ઞાનવિમલજી | ૪ |
| બારગુણે અરિહંત દેવ | શ્રી ધીરવિમલજી | ૪ |
| પહેલે દિન અરિહંતનું | શ્રી શાન્તિવિજયજી | ૫ |
| શ્રી સિધ્ધચક્ર મહા મંત્રરાજ | શ્રી મોહનવિજયજી | ૫ |
| પહેલે પદ અરિહંત નમું | શ્રી પદ્મવિજયજી | ૬ |
| ત્રિગડે ત્રિભુવન વાલહો | શ્રી ધર્મરત્નજી | ૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મારૂં મન મોહ્યું રે, શ્રી સિધ્ધાચલ રે, | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૭ |
| આજ મારાં નયણાં સફલ થયા | શ્રી માણેકમુનિજી | ૭ |
| તું ત્રિભુવન સુખકાર ઋષભજિન | શ્રી જ્ઞાનવિમલજી | ૮ |
| વિમલાચલ નિતું વંદીએ | શ્રી યશોવિજયજી | ૯ |
| શેત્રુંજા ગઢના વાસી રે, | શ્રી ઉદયરતનજી | ૯ |
| ચાલો ચાલો વિમલગીરી જઇએ રે, | શ્રી રૂપવિજયજી | ૧૦ |
| જાત્રા નવ્વાણું કરીએ | શ્રી પદ્મવિજયજી | ૧૧ |
| ભરતની પાટે ભૂપતિ રે, | શ્રી શુભવીરજી | ૧૨ |

| | | |
|---|---|---|
| પ્રીતલડી બંધાણી રે, | શ્રી ધર્મરત્નજી | ૧૩ |
| તારી મૂરતિએ મન મોહ્યું રે | શ્રી જ્ઞાનવિમલજી | ૧૫ |
| ધન્ય ધન્ય ક્ષેત્રે મહાવિદેહજી | શ્રી સમયસુંદરજી | ૧૬ |
| સરસ્વત સિધ્ધબુધ્ધ વિનવું જો | શ્રી કિર્તિવિજયજી | ૧૭ |
| શ્રી સિમંધરૂ રે | શ્રી જ્ઞાનવિમલજી | ૧૮ |
| વિનંતી માહરી રે, | શ્રી ઉદયરત્નજી | ૧૯ |
| સુણો ચંદાજી સીમંધર પરમાતમ | શ્રી પદ્મવિજયજી | ૨૦ |
| સીમંધર યુગમંધર બાહું | શ્રી ક્ષમાવિજયજી | ૨૧ |
| પ્રગટ્યો પૂરન રાગ મેરે પ્રભુશું | શ્રી યશોવિજયજી | ૨૨ |
| પુકખલવઈ વિજયે જયો રે | શ્રી યશોવિજયજી | ૨૨ |
| પંચમી તપ તુંમે કરોરે પ્રાણી | શ્રી સમયસુંદરજી | ૨૩ |
| શ્રી રાજગૃહી શુભ ઠામ અધિક | શ્રી ઉદયસાગરસૂરિજી | ૨૪ |
| સમ્મેતશિખર જિન વંદીએ | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| આજ દિન સફળ દિન ઉગ્યો હો | શ્રી રૂપવિજયજી | ૨૭ |
| સમેત શિખર જાત્રા નિત્ય કરીએ | શ્રી વિરવિજયજી | ૨૮ |
| ચેતન ! જ્ઞાન અજવાળીએ | શ્રી યશોવિજયજી | ૨૯ |
| મલ્લી - જિણંદ સદા નમીયે | શ્રી જિનહર્ષવિજયજી | ૩૨ |
| ઋષભ જિનરાજ મુજ આજ | શ્રી યશોવિજયજી | ૩૩ |
| ઋષભ - જિનેશ્વર ! સ્વામીએ | શ્રી પદ્મવિજયજી | ૩૫ |
| તુંહી તુંહી સાહિબા રે | શ્રી માનવિજયજી | ૩૬ |
| શાંતિ - જિનેશ્વર સાહિબા રે | શ્રી રૂપવિજયજી | ૩૮ |
| ક્ષણ - ક્ષણ સાભરો શાંતિ સલુણા | શ્રી શુભવિરવિજયજી | ૩૯ |
| તાર મુજ તાર ! તાર ! જિનરાજનું | શ્રી ધીર વિજયજી | ૪૦ |
| મુનિસુવ્રત હો ! પ્રભુ | શ્રી ઉદયરત્નજી | ૪૧ |
| પરમાતમ પૂરણ કલા | શ્રી ચિદાનંદજી | ૪૨ |

| | | |
|---|---|---|
| શિવાનંદનકું ખેલાવે હરિગોરી | શ્રી શુભવિજયજી | ૪૪ |
| આજ સફળ દિન મુજ તણો એ, | શ્રી જ્ઞાનવિમલજી | ૪૬ |
| કમ બીનેં હે પ્રભુ ધ્યાન જો | શ્રી જ્ઞાનવિમલજી | ૪૭ |
| જિણદાં ! વો દિન ક્યું ન સાંભરે | શ્રી જ્ઞાનવિમલજી | ૪૮ |
| પ્રભુ ! તેરી ભક્તિસદા સુખદાઈ | શ્રી જ્ઞાનવિમલજી | ૪૯ |
| જીવ જીવન પ્રભું મ્હારા | શ્રી દિપવિજયજી | ૫૦ |
| આજ મ્હાર પ્રભુજી સ્હામું જુઓને | શ્રી જ્ઞાનવિમલજી | ૫૧ |
| મનમાં આવજો રે, નાથ ! | શ્રી જ્ઞાનવિમલજી | ૫૨ |
| કામ સુભટ ગયો હારી રે, | શ્રી નયવિમલજી | ૫૩ |
| વિનતડી મનમોહન મારી સાંભળો | શ્રી ધર્મરત્નજી | ૫૪ |
| સકલ સમતા સુરલતાનો | શ્રી જ્ઞાનવિમલજી | ૫૫ |
| આનંદકી ઘડી આઈ | શ્રી યશોવિજયજી | ૫૬ |
| આજ જિનરાજ ! મુજ કાજ સિધ્યાં | શ્રી જ્ઞાનવિમલજી | ૫૭ |
| નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે | શ્રી આનંદવિજયજી | ૫૮ |
| ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી | શ્રી માનવિજયજી | ૫૮ |
| જિન તેરે ચરણકી શરણ ગ્રહું | શ્રી યશોવિજયજી | ૫૯ |
| ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં રે, | શ્રી ખીમાવિજયજી | ૫૯ |
| **સ્તુતિ** | **કર્તા** | **પાના નં** |
| શત્રુંજય મંડન ઋષભ, જિણંદ દયાળ | શ્રી રવિબુધસાગર | ૬૦ |
| અજુવાળી તે બીજ સોહાવે રે | શ્રી હેતવિજયજી | ૬૧ |
| અરિહંતનમો, વલી સિધ્ધ નમો | શ્રી નયવિજયજી | ૬૧ |
| પાંચમને દિન ચોસઠ ઇન્દ્રે | શ્રી હેતવિજયજી | ૬૨ |
| નિરુપમ નેમિજિનેશ્વર ભાખે | શ્રી માનવિજયજી | ૬૩ |
| દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ | શ્રી લબ્ધિવિજયજી | ૬૪ |
| મહાવીર સ્વામીનું હાલરડું | શ્રી દીપવિજયજી | ૬૫ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈં ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ: .
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહ્ગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં.....૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# વિવિધ જિન ચૈત્યવંદન

## શ્રી શત્રુંજય તીર્થનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે,તેને ભવપાર ઉતારે...(૧)

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પૂર્વ નવાણું રૂષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય...(૨)

સુરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ...(૩)

## શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ, મહી માંહે મહંત...(૧)

પંચ કોડી મુનિરાજ સાથ, અણસણ તિહાં કીધ;
શુકલ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલવર લીધ...(૨)

ચૈત્રી પુનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામદાન સુખકંદ...(૩)

## શ્રી સીમંધર સ્વામી જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી...(૧)

ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી...(૨)

ધનુષ પાંચસે દેહડીએ, સોહીએ સોવનવાન;
**'કીર્તિ વિજય'** ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન...(૩)

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરૂણા કરી, અમને વંદાવો...(૧)

સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમનાથ;
ભવોભવ હું છું તાહરો, નહી મેલું હવે સાથ...(૨)

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું...(૩)

એ અલજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ...(૪)

કરજોડીને વિનવું સામો રહી ઈશાન;
ભાવ જીનેશ્વર **ભાણને**, દેજો સમકીત દાન...(૫)

## શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

શ્યામલ વાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર...(૧)

પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ;
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિણામ...(૨)

જિમ વરદત્ત ગુણ મંજરીએ, આરાધ્યો તપ એહ;
'જ્ઞાનવિમલ' ગુરુ એમ કહે, ધન ધન જગમાં તેહ...(૩)

## શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહાસુદી આઠમને દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આવ્યો...(૧)

ચૈત્ર વદીની આઠમે, જન્મ્યા ઋષભજિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ...(૨)

માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર...(૩)

એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિજીણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર...(૪)

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમિ આષાઢ સુદી આઠમે, અષ્ટમી ગતિ પામી...(૫)

શ્રાવણ વદીની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદી આઠમે, પાસજીનું નિર્વાણ...(૬)

ભાદરવા વદી આઠમ દિને, ચવિઆ સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ **પદ્મને**, સેવ્યાથી શિવવાસ...(૭)

## શ્રી એકાદશીનું ચૈત્યવંદન

આજ ઓચ્છવ થયો મુજ ઘરે, એકાદશી મંડાણ.;
શ્રી જીનનાં ત્રણસે ભલાં, કલ્યાણક ઘર જાણ...(૧)

સુરતરૂ સુરમણિ સુરઘટ, કલ્પવેલી ફળી મ્હારે;
એકાદશી આરાધતાં, બોધી બીજ ચિત્ત ઠારે...(૨)

નેમિજીનેશ્વર પૂજતાં એ, પહોંચે મનના કોડ;
**જ્ઞાન-વિમલ** ગુણથી લહો, પ્રણમો બે કરજોડ...(૩)

## શ્રી પંચપરમેષ્ઠિનું ચૈત્યવંદન

બારગુણે અરિહંત દેવ, પ્રણમિજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતા, દુઃખ દોહગજાવે...(૧)

આચારજ ગુણ છત્રીસ, પચવિસ ઉવજ્ઝાય;
સત્તાવિશ ગુણ સાધુના, જપતા શિવ સુખ થાય...(૨)

અષ્ટોત્તર શત ગુણ મલીએ, એમ સમરો નવકાર;
**ધીર વિમલ** પંડિત તણો, નય પ્રણમે નિત્ય સાર...(૩)

## શ્રી નવપદનું ચૈત્યવંદન

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન...(૧)
આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાઓ ઉદાર...(૨)
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ...(૩)
છઠ્ઠેપદ દર્શન નમો, દરિસન અજુવાલો;
નમો નાણપદ સાતમે, જિમ પાપ પખાલો...(૪)
આઠમે પદ આદરકરી, ચારિત્ર સુચંગ;
પદ નવમે બહુ તપ તણો, ફળલીજે અભંગ...(૫)
એણી પરે નવપદ ભાવશુંએ, જપતાં નવનવ કોડ;
પંડિત **શાંતિવિજય** તણો, શિષ્ય કહે કરજોડ...(૬)

## શ્રી નવપદનું ચૈત્યવંદન

શ્રી સિદ્ધ ચક્ર મહા મંત્રારાજ, પૂજા પર-સિદ્ધ;
જાસ નમનથી સંપજે, સંપૂરણ રિદ્ધ...(૧)

અરિહંતાદિક નવપદ, નિત્ય નવ નિધિ દાતા;
એ સંસાર અસાર સાર, હોયે પાર વિખ્યાતા...(૨)

અમલાચલ પદ સંપજે, એ પૂરે મનના કોડ;
મોહન કહે વિધિયુત કરો, જેમ હોય ભવનો છોડ...(૩)

## શ્રી વીશ સ્થાનકનું ચૈત્યવંદન

પહેલે પદ [૧]અરિહંત નમું, બીજે સર્વે [૨]સિધ્ધ;
ત્રીજે [૩]પ્રવચન મન ધરો, [૪]આચાર્ય સિધ્ધ...(૧)

નમો [૫]થેરાણં પાંચમે, [૬]પાઠક પદ છઠ્ઠે;
નમો લોએ સવ્વ [૭]સાહુણં, જે છે ગુણ ગરિઠ્ઠે...(૨)

નમો[૮] નાણસ્સ આઠમે, [૯]દર્શન મન ભાવો;
વિનય[૧૦] કરો ગુણવંતનો, [૧૧]ચારિત્ર પદ ધ્યાવો...(૩)

નમો [૧૨]બંભવય ધારીણં, તેરમે [૧૩]ક્રિયા જાણ;
નમો [૧૪]તવસ્સ ચૌદમે, [૧૫]ગોયમ નમો [૧૬]જિણાણં...(૪)

[૧૭]સંયમ [૧૮]જ્ઞાન [૧૯]સુઅસ્સનેએ, નમો [૨૦]તીત્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ **પદ્મ**ને, નમતાં હોય સુખ ખાણી...(૫)

## શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન

ત્રિગડે ત્રિભુવન વાલહો, ભાખે તપના ભેદ;
એકસો ત્રેવીશ મુખ્ય છે, કરવા કર્મ વિચ્છેદ...(૧)

તેમાં પણ ધુર મોટકો, મહા ઉગ્ર તપ એહ;
શુરવીર કોઇ આદરે, નિર્મળ થાશે દેહ...(૨)

રોગ વિઘ્ન દૂરે કરે એ, ઉપજે લબ્ધિ અનેક;
ક્ષમા સહિત આરાધતાં, **ધર્મરત્ન** સુવિવેક...(૩)

# વિવિધ જિન સ્તવન

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખિત થાય;
વિધિશું કીજે રે જાત્રા એહની રે, ભવભવનાં દુઃખ જાય. મારૂં...(૧)
પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય;
મોટો મહિમારે જગતમાં એહનો રે, આ ભરતે ઈહાં જોય. મારૂં...(૨)
ઈણગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત;
કઠિણ કરમ પણ ઈણગિરિ ફરસતાં રે,હોયે કરમ નિશાંત મારૂં...(૩)
જૈન ધર્મતે સાચો જાણિયે રે, માનુ તીરથ એ થંભ;
સુર નર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતાં નાટારંભ. મારૂં...(૪)
ધન ધન દહાડો રે, ધન વેલા ઘડી રે, ધરીયે હૃદય મોઝાર;
**જ્ઞાનવિમલ સૂરિ** ગુણ એહના ઘણા રે, કહેતાં નાવે હો પાર. મારૂં...(૫)

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

(રાગ-મન ડોલે તન ડોલે)

આજ મારાં નયણાં સફલ થયાં, શ્રી સિદ્ધાચલ નિરખી;
ગિરિને વધાવું મોતીડે, મારા હૈડામાં હરખી.આજ૧
ધન્ય ધન્ય સોરઠ દેશને, જિહાં એ તીરથ જોડી
વિમલાચલ ગિરનારને, વંદુ બે કરજોડી.આજ૨

સાધુ અનંતા ઇણેગિરિ, સિદ્ધાં અણસણ લેઇ;
રામ પાંડવ નારદ ઋષિ, બીજા મુનિવર કેઇ.આ૦૩
માનવ ભવ પામી કરી, નવિ એ તીરથ ભેટે;
પાપ કરમ જે આકરાં, કહો કેણી પેરે મેટે.આ૦૪
તીર્થરાજ સમરૂં સદા, સારે વંછિત કાજ;
દુઃખ દોહગ દૂરે કરી, આપે અવિચલરાજ.આ૦૫
સુખના અભિલાષી પ્રાણીયા, વંછે અવિચલ સુખડાં;
**માણેક મુનિ** ગિરિ ધ્યાનથી, ભાંગે ભવોભવ દુખડાં.આ૦૬

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

તું ત્રિભુવન સુખકાર, ઋષભજિન ! તું ત્રિભુવન સુખકાર;
શત્રુંજયગિરિ શણગાર, ઋ૦ ભૂષણ ભરતમઝાર. ઋ૦
આદિ પુરૂષ અવતાર, ઋ૦ આંકણી.
તુમ ચરણે પાવન કર્યું રે, પૂર્વ નવાણું વાર;
તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉદ્ધાર.ઋ૦૧

અવર તે ગિરિ પર્વતે વડા રે, એહ થયો ગિરિરાજ ;
સિદ્ધ અનંતા ઇહાં થયા રે, વલી આવ્યા અવર જિનરાજ.ઋ૦૨

સુંદરતા સુરસદનથી રે, અધિક જિહાં પ્રાસાદ;
બિંબ અનેકે શોભતો રે, દીઠે ટળે વિખવાદ.ઋ૦૩

ભેટણ કાજે ઉમહ્યા રે, આવે સત્વ ભવિ લોક;
કલિમલ તસ અડકે નહિ રે, જયું સોવનધન રોક.ઋ૦૪

**જ્ઞાનવિમલ** પ્રભુ જસ શિરે રે, તસ ખસે ભવ પરવાહ;
કરતલગત શિવસુંદરી રે, મળે સહજ વરી ઉચ્છાંહ.ઋ૦૫

## શ્રી સિધ્ધાચલજીનું સ્તવન

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા;
માનુંહાથ એ ધર્મનો, શિવતરુફળ લેવા.વિમ.૧

ઉજ્જવલ જિનગૃહમંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઇ અંબરગંગા.વિમ.૨

કોઇ અને-રૂં જગ નહીં, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે.વિમ.૩

જે સઘળાં તીરથ કહ્યાં, જાત્રાફળ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ.વિમ.૪

જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
**સુજસવિજય** સંપદ લહે, તે નર ચિર નંદે.વિમ.૫

## શ્રી સિધ્ધાચલજીનું સ્તવન

શેત્રુંજા ગઢના વાસી રે ; મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે ; દિલમાં ધારજો રે,
પ્રભુ ! મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હર્ષ અપાર;
સાહિબાની સેવારે ભવદુઃખ ભાંજશે રે...(૧)

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે,
ચોરાશી લાખ ફેરા રે, દૂર નિવારજો રે.
પ્રભુ ! મને દુર્ગતિ પડતો રાખ, દરિશણ વહેલું રે દાખ;
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે...(૨)

દોલત સવાઇ રે-સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે-પ્રભુ તારા વેષની રે;
પ્રભુ ! તારૂં રૂડું દીઠું રૂપ, મોહ્યા સુર-નર-વૃંદ ને ભૂપ;
સાહિબાની સેવારે, ભવદુઃખ ભાંજશે રે...(૩)

તીરથ ન કોઇ રે શત્રુંજય સારિખું રે,
પ્રવચન દેખી રે કીંધું મેં પારખું રે;
ઋષભને જોઇ જોઇ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ ;
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે...(૪)

ભવોભવ માગું રે પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંગે રે, જગમાં તે વિના રે,
પ્રભુ ! મારા પૂરો મનના કોડ, એમ કહે **ઉદયરતન** કરજોડ ;
સાહિબાની સેવારે, ભવદુઃખ ભાંજશે રે...(૫)

## શ્રી સિધ્ધાચલજીનું સ્તવન

ચાલો ચાલો વિમલગિરિ જઈએ રે, ભવજલ તરવાને,
તુમે જયણા એ ધરજો પાય રે, પાર ઉતરવાને. (એ આંકણી)
બાળ કાળની ચેષ્ટા ટાળી, હાં રે હું તો ધર્મયૌવન હવે પાયો રે, ભવ૦
ભૂલ અનાદિની દૂર નિવારી, હાં રે હું તો અનુભવમાં લય લાયો રે, પાર૦..૧
ભવતૃષ્ણા સવિ દૂર કરીને, હાં રે મારી જિન ચરણે લય લાગી રે.ભવ૦
સંવર ભાવમાં દિલ હવે ઠરીઉ, હાં રે મારી ભવની ભાવઠ ભાંગી રે,
પાર૦..૨

સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાં રે નિત્ય એકાસણા તપકારી રે, ભવ૦
પડિક્કમણાં દોય વિધિ-શું કરશું, હાં રે ભલી અમૃત ક્રિયા દિલ ધારીરે,
પાર૦..૩
વ્રત ઉચ્ચરશું ગુરુની સાંખે, હાં રે હું તો યથાશક્તિ અનુસાર રે, ભવ૦
ગુરુ સંઘાતે ચડશું ગિરિપાજેં, હાં રે એ તો ભવોદધિ બુડતાં તારે રે,
પાર૦..૪
ભવતારક એ તીરથ ફરસી, હાં રે હું તો સૂરજકુંડમાં નાહી રે, ભવ ૦
અષ્ટપ્રકારી શ્રી આદિજિણંદની, હાં રે હું તો પૂજા કરીશ લય લાહી
રે,
પાર૦..૫
તીરથપતિને તીરથ સેવા, હાં રે એ તો મીઠા મોક્ષના મેવા રે, ભવ૦
સાત છઠ્ઠ દોય અટ્ઠમ કરીને હાં રે મને સ્વામી વાત્સલ્યની હેવા રે,
પાર૦..૬
પ્રભુપદપદ્મ રાયણતળે પૂજી, હાંરે હું તો પામીશ હરખ અપારરે, ભવ૦
**રૂપવિજય** પ્રભુ ધ્યાન પસાયે, હાંરે હું તો પામીશ સુખ શ્રીકાર રે; પાર૦
ચાલો ચાલો વિમલગિરિ જઈએ રે, ભવજલ તરવાને;
તુમે જયણાએં ધરજો પાય રે, પાર ઉતરવાને ૦૭.

## શ્રી સિધ્ધાચલજીનું સ્તવન

જાત્રા નવાણું કરીએ, વિમલગિરિ જાત્રા નવાણું કરીએ.
પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ ઋષભજિણંદ સમોસરીએ, વિ. જા૦૧
કોડી સહસ ભવ પાતિક તુટે, શત્રુંજય સામો ડગ ભરીયે. વિ૦ જા૦૨

સાત છટ્ઠ દોય અટ્ઠમ તપસ્યા કરી, ચડિયે ગિરિવરીયે. વિ૦ જા૦૩

પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ, વિ૦ જા૦૪

પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીએ, વિ૦ જા૦૫

ભૂમિસંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરીએ. વિ૦ જા૦૬

સચિત્તપરિહારીને એકલ આહારી, ગુરુ સાથે પદ ચરીયે. વિ૦ જા૦૭

પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ વિખરીએ. વિ૦ જા૦૮

કલિકાલે એ તીરથ મોટું, પ્રવહણ જિમ ભરદરીયે. વિ૦ જા૦૯

ઉત્તમ એ ગિરિવર સેવતાં, **પદ્મ** કહે ભવ તરીયે. વિ૦ જા૦ ૧૦.

## શ્રી શેત્રુંજયગિરિનું સ્તવન

ભરતની પાટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠાય, સલુણાં;
અસંખ્યાતા તિહાં લગેરે, હુઆ અજિત જિનરાય સલુણાં; જિમ...(૧)

જિમ જિમ એ ગિરિ ભેટીએ રે, તિમ તિમ પાપ પલાય સલુણાં;
અજિત જિનેશ્વર સાહિબો રે, ચોમાસું રહી જાય સલુણાં; જિમ...(૨)

સાગરમુનિ એક કોડિશું રે, તોડ્યા કર્મના પાસ સલુણાં;
પાંચ કોડી મુનિરાજ શું રે, ભરત લહ્યાં શિવવાસ સલુણાં; જિમ...(૩)

આદીશ્વર ઉપકારથી રે, સતરકોડી સાથ સલુણાં;
અજિતસેન સિદ્ધાચળે રે, ઝાલ્યાં શિવવહુ હાથ સલુણાં; જિમ...(૪)

અજિતનાથ મુનિ ચૈત્રની રે, પૂનમે દશહજાર સલુણાં;
આદિત્યયશા મુકિત વર્યા રે, એક લાખ અણગાર સલુણાં; જિમ...(૫)

અજરામર ક્ષેમં-કરુ રે, અમરકેતુ ગુણકંદ સલુણાં;
સહસ પત્ર શિવંકરુ રે, કર્મક્ષય તમો-કંદ સલુણાં; જિમ...(૬)

રાજરાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગળરૂપ સલુણાં;
ગિરિવર રજ તરુમંજરી રે, શીશ ચઢાવે ભૂપ સલુણાં; જિમ...(૭)

દેવયુગાદિ પૂજતા રે, કર્મ હોયે ચકચૂર સલુણાં;
શ્રી **શુભવીર**ને સાહિબા રે, રહેજો હૈડા હજૂર સલુણાં; જિમ...(૮)

## શ્રી શેત્રુંજયગિરિનું સ્તવન

રાગ :- પ્રીતલડી બંધાણી રે અજીત જીણંદશું

પ્રીતલડી બંધાણી રે વિમલ ગિરિંદશું,
નિશપતિ નિરખી હરખે જેમ ચકોર જો,
કમલા ગૌરી હરિહરથી રાચી રહે,
જલધર જોઈને મસ્ત બને વન મોર જો.પ્રીતલડી...(૧)

આદીશ્વર અલવેસર આવી સમોસર્યા,
પુણ્ય ભૂમિમાં પૂરવ નવ્વાણું વાર જો,
અરિહંત શ્રી અજીતેશ્વર શાંતિનાથજી,
રહ્યાં ચોમાસું જાણી શિવપુર દ્વાર જો.પ્રીતલડી...(૨)

સૂર્યવંશી સોમવંશી યાદવ વંશના,
નૃપ ગુણ પામ્યા નિર્મળ પદ નિર્વાણ જો,
મહા મુનિવર અરિહંત પદ પૂરણ વર્યા,
શિવપુર શ્રેણી આરોહણ સોપાન જો.પ્રીતલડી...(૩)

તીન ભુવનમાં તીરથ તુજ સમકો નહિ.
એમ પ્રકાશે સીમંધર મહારાજ જો,
તારે શરણે આવ્યો હું ઉતાવળો,
તાર તાર ઓ ગિરિવર ગરીબ નિવાજ જો.પ્રીતલડી...(૪)

હું અપરાધી પાપી મિથ્યાડંબરો,
ફોગટ ભૂલ્યો ભવમાં વિણ તું એક જો,
હવે ન મુકું મોહન મુદ્રા તાહરી,
એ મુજ મોટી વંકનાળની ટેક જો.પ્રીતલડી...(૫)

પલ્લો પકડી બાપજી બેઠાં લાંધવા,
આપ આપ તું ભક્તવત્સલ ભગવાન જો,
અંતે પણ દેવું રે પડશે સાહિબા,
શી કરવી હવે ખાલી ખેંચતાણ જો.પ્રીતલડી...(૬)

મળ વિક્ષેપને આવરણ ત્રિક દૂરે કરી,
છેલ છબીલા આવ્યો આપ હજૂર જો,
આત્મ સર્મપણ કીધું અતિ ઉમંગથી,
પ્રેમ પયોનિધિ પ્રગટ્યો અભિનવ પૂરજો.પ્રીતલડી...(૭)

શ્રી સિદ્ધાચલ ગિરિવર મંડન શેખરા,
પરમ કૃપાળુ પાલક પ્રાણાધારજો,
વિછડશો નહિં કદિએ પ્યારા પ્રાણથી,
રસીયા કરજો **ધર્મરત્ન** વિસ્તાર જો.પ્રીતલડી...(૮)

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

તારી મૂરતિએ મન મોહ્યું રે મનના મોહનીયા,
તારી સૂરતિએ જગ સોહ્યું રે જગના જીવનીયા;
તુમ જોતાં સવિ દુરમતિ વીસરી, દિન રાતડી નવિ જાણી,
પ્રભુ ગુણગણ સાંકળશું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે.મન૦૧

પહેલા તો એક કેવલ હરખે, હેજાળુ થઇ હળિયો;
ગુણ જાણીને રૂપે મિલીઓ, અભ્યંતર જઇ ભળિયો રે.મન૦૨

વીતરાગ ઇમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ;
આપ અરૂપી રાગ નિમિત્તો, દાસ અરૂપ ધરેહ રે.મન૦૩

શ્રી સીમંધર તું જગબંધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વંદે તે ધન્ય પ્રાણી રે.મન૦૪

શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભલંછન પ્રભુ, **જ્ઞાનવિમલ** ગુણ ખાણી રે.મન૦૫

## શ્રી સીમધંર સ્વામીનું સ્તવન

ધન્ય ધન્ય ક્ષેત્રે મહાવિદેહજી, ધન્ય પુંડરીગિણી ગામ;
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ;
સીમંધરસ્વામી ! કહીએ રે હું મહાવિદેહ આવીશ?
જયવંતા જિનવર ! કહીએ રે હું તમને વાંદીશ ? સી૦૧
ચાંદલિયા ! સંદેશડોજી, કહેજો સીમધંર સ્વામિ;
ભરતક્ષેત્રનાં માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ. સી૦૨
સમવસરણ દેવે રચ્યું તિહાં, ચોસઠ ઈંદ્ર નરેશ.
સોનાતણે સિંહાસને બેઠા, ચામર છત્ર ધરેશ. સી૦૩
ઈંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ;
લળી લળી લિયે લુંછણાજી, જિનવર દિયે ઉપદેશ. સી૦૪
એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવા પચ્ચક્ખાણ;
પોથી ઠવણી તિહાં કનેજી, અમૃત વાણી વખાણ. સી૦૫
રાયને વહાલાં ઘોડલાજી; વેપારીને વહાલાં છે દામ;
અમનેવાહલા સીમંધરસ્વામી,જેમસીતાનેશ્રીરામ.સી૦૬
નહિં માંગુ પ્રભુ રાજઋદ્ધિજી, નહિ માગું ગરથ ભંડાર;
હું માગું પ્રભુ એટલુંજી, "તુમ પાસે અવતાર. સી૦૭
દેવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર?
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સી૦૮
**સમયસુંદરની** વિનતિજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર. સી૦૯

# શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

સરસ્વત સિદ્ધબુદ્ધ વિનવું જો, સ્વામી તમારૂં છે ત્રિભુવન નામજો;
પ્રભાતે ઉઠી તમને વાંદીએ જી, સ્વામી વેગે વેગ દીયો ધર્મલાભ જો;
સ્વામી સીંમધર મુજને મેળવો જી...(૧)

દિવસ દોહલો સ્વામી હું રહ્યો જી, મારે નયણે જોયું નવિ જાયજો;
શું કરૂ સીમંધર સ્વામી વેગળા વસ્યાજી,
હાંરે હું તો પાંખ વિના રહ્યો;નિરધારજો...(૨)

રાગને દ્વેષે સ્વામી હું ભર્યોજી, મુજને નડીયો ક્રોધ કષાય જો;
માયા ને મોહે હું ભર્યોજી, મારી ગુંજ રહી મનમાંય જો...(૩)

માય ને બાપ બંધવ કારમાજી, કારમો કુંટુબ પરિવાર જો;
આશા વિલુધ્યો સ્વામી હું રહ્યોજી, મારી કોઈએ ન કીધી સાર જો ...(૪)

બે કર જોડી **કીર્તિવિજય** એમભણે જી,હાં રે હું તો માગુંચરણનીસેવજો;
હાં રે હુંતોમાગું માગું મુક્તિનોવાસજો,હાંરે હુંતોકદીએનઆવું
ગર્ભાવાસજો...(૫)

# શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

રાગ :- સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી

શ્રી સીંમધરું રે, મારા પ્રાણ તણો આધાર,
જિનવર જય કરૂં રે, જેહના ઝાઝા છે ઉપગાર;
ક્ષણ ક્ષણ સાંભરે રે, એક શ્વાસ માંહિ સો વાર,
કિમહિ ન વિસરે રે, જે વસ્યા છે હૃદય મોઝાર. શ્રી...(૧)
હુંસી હિયડલે રે, જિમ હોય મુક્તા-ફલનો હાર,
તે તો જાણીયે રે, એ સવિ બાહિરનો શણગાર,
પ્રભતુ અભ્યતંરે રે, અળગા ન રહે લગાર;
અહર્નિશ વંદના રે, કરીએ છીએ તે અવધાર. શ્રી...(૨)
નયન મેલાવાડે રે, નિરખી સેવકને સંભાળ,
તો હું લેખવું રે, મારો સફળ સફળ અવતાર,
નહિ કોઈ તેહવો રે, વિદ્યા લબ્ધિનો ઉપાય,
આવીને મળું રે, ચરણ ગ્રહું હું વળી ધાય. શ્રી...(૩)
મળવું દોહિલું રે, તેહશું નેહ તણો જે લાગ,
કરતાં સોહિલું રે, પણ પછે વિરહનો વિભાગ.
ચન્દ્ર ચકોરને રે, કે ચકવા દિનકરને હોઈ જેમ,
દૂરે રહ્યાં થકીરે, પણ તસ વધતો છે પ્રેમ. શ્રી...(૪)
પણ તિહાં એક છે રે, કારણ નજરનો સંબન્ધ,
વિરહે તે નહીં રે, એ મન મોટા છે રે ધંધ,
પણ એક આશરો રે, સુગુણ શું જે રે એકતાન,
તેહથી વાધશે રે, **જ્ઞાનવિમલ** ગુણનો જસમાન. શ્રી...(૫)

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

વિનંતી માહરી રે, સુણજો સાહિબા સીમંધર જિનરાજ,
ત્રિભુવન તારક અરજ ઉરે ધરો, દેજો દરિશન આજ...(૧)

આપ વસ્યા જઇ ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મોઝાર,
એ મેળો કેમ હોય જગધણી, એ મુજ સબલ વિચાર...(૨)

વચમાં વનદ્રહ અતિ ઘણા, વળી નદીઓના રે ઘાટ,
કિણવિધ ભેટું રે આવી તુમકને, અતિ વષમી રે વાટ...(૩)

કીહાં મુજ દાહિણ ભરતક્ષેત્ર રહ્યું, કીહાં પુક્ખલ વઈ રાજ,
મનમાં અલજો રે, મળવાનો અતિ ઘણો ભવજલતરણ જહાજ,...(૪)

નિશદિન આલંબન મુજ તાહરું, તું મુજ હૃદય મોઝાર,
ભવદુઃખ ભંજન તું હી નિરંજનો, કરૂણાંરસ ભંડાર...(૫)

મનવંછિત સુખસંપદા પૂરજો, ચૂરજો કર્મની રાશ,
નિતનિત વંદન હું ભાવે કરૂં, એહી જ છે અરદાસ...(૬)

તાત શ્રેયાંસ નરેસર જગતિલો, સત્યકીરાણીનો જાત,
સીમંધર જિન વિચરે મહીતલે, ત્રણ ભુવનમાં વિખ્યાત...(૭)

ભવોભવ સેવા રે, તુમ પદકમલની, દેજો દીનદયાલ,
બે કર જોડી **ઉદયરતન** વંદે, નેક નજરથી નિહાળ...(૮)

# શ્રી સીમંધર સ્વામીનુ સ્તવન

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી પ્રેમ ધરીને, એણીપેરે તુમ સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ખાયક છે.સુણો૦૧

જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે.સુણો૦૨

બાર પર્ષદા માંહી બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે.સુણો૦૩

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે.સુણો૦૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહામોહરાય કર ફસિયો છું.સુણો૦૫

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા ખડગ કર ગ્રહીયો છે ;
તો કાંઇક તુજથી ડરિયો છે.સુણો૦૬

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે **પદ્મવિજય** થાઉં શૂરો ;
તો વાધે મુજ મન અતિ નૂરો.સુણો૦૭

# શ્રી વીશ વિહરમાન જિન સ્તવન

સીમંધર યુગમંધર બાહુ, ચોથા સ્વામિ સુબાહુ,
જંબૂદ્વીપ વિદેહે વિચરે, કેવળ કમલા નાહો રે,
ભવિકા ! વિહરમાન જિન વંદો, આતમ પાપ નિકંદો રે ...૦૧

સુજાત, સ્વયંપ્રભ ઋષભાનન, અનંતવીર્ય ચિત્ત ધરિયે;
સુરપ્રભ, સુવિશાળ, વજ્રંધર, ચંદ્રાનન ઘાતકીયેરે. ભવિકા ...૦૨

ચંદ્રબાહુ ભુજંગ, ઇશ્વર, નેમિનાથ વીરસેન;
દેવજશા, ચંદ્રજશા, અજિતવીર્ય, પુક્ખરદ્વીપ પ્રસન્નરે...૦૩

આઠમી નવમી, ચોવીશ, પચવીશમી વિદેહવિજયે જશવંતા;
દસ લાખ કેવળી, સો ક્રોડ સાધુ પરિવારે ગહગહંતારે...૦૪

ચોવીશ લાખ પૂરવ જિનજીવિત, ચોત્રીશ અતિશય ધારી ;
સમવસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નરનારી રે. ભવિકા...૦૫

**ક્ષમાવિજય** જિન કરુણાસાગર, આપ તર્યા પર તારે;
ધર્મનાયક શિવમારગદાયક, જન્મજરા દુઃખ વારે રે...૦૬

## શ્રી સીમન્ધર સ્વામી જિન સ્તવન

પ્રગટયો પૂરન રાગ મેરે પ્રભુશું, પ્રગટયો પૂરન રાગ;
જિનગુણ ચંદકિરણશું ઉમગ્યો, સહજ સમુદ્ર અથાગ.મેરે૦૦

ધ્યાતા ધ્યેય ભયે દોઉ એકહુ, મિટયો ભેદકો ભાગ;
તીર વિદારી છેલ્લે જબ સરિતા, તબ નહિ રહત તડાગ.મેરે૦૧

પૂરન મન પૂરન સબ દીસે, નહિ દુવિધાકો લાગ;
પાઉ ચલત પનહી જો પહેરે, તસ નવિ કંટક લાગ.મેરે૦૨

ભયો પ્રેમ લોકોત્તર જુઠો, લોકબંધકો ત્યાગ;
કહો કોઉ કછુ હમ તો ન રુચે છુટી એક વીતરાગ.મેરે૦૩

વાસત હૈ જિનગુન મુજ દિલકો, જેસે સુરતરુ બાગ;
ઓર વાસના લગે ન તાકો, જશ કહે તું વડભાગ.મેરે૦૪

## શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન

પુક્ખલવઇ વિજયે જયો રે, નયરી પુંડરીગિણિસાર;
શ્રી સીમંધર સાહીબા રે, રાયશ્રેયાંસકુમાર જિણંદરાય!
ધરજો ધર્મસનેહ...૦૧

મ્હોટા ન્હાના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત;
શશિ દરિસણ સાયર વધે રે, કૈરવ-વન વિકસંત.જિણંદ...૦૨

ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસીયે રે, છાયા સવિ આધાર, જિણંદ...૦૩

રાયને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજલ તે બિહું તણા રે, તાપ કરે સવિ દૂર. જિણંદ...૦૪

સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ;
મુજશું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિણંદ...૦૫

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ. જિણંદ...૦૬

વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રૂકમિણીકંત;
વાચક **જશ** ઇમ વિનવે રે, ભય-ભંજન ભગવંત. જિણંદ...૦૭

## જ્ઞાનપચમીનું સ્તવન

પંચમી તપ તમે કરોરે પ્રાણી, જેમ હોય નિર્મળ જ્ઞાન રે;
પહેલું જ્ઞાન ને પછી કિરિયા, નહિ કોઈ જ્ઞાન સમાન રે...પં૦૧

નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે;
મતિ શ્રુત અવદિ ને મનઃ પર્યવ, કેવળ એક ઉદાર રે...પં૦૨

મતિ અટ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકાર રે;
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવળ એક ઉદાર રે...પં૦૩

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે;
કેવળજ્ઞાન સમું નહિ કોઈ, લોકાલોક પ્રકાશ રે...પં૦૪

પાર્શ્વનાથ પસાય કરીને, માહરી પુરો ઉમેદ રે;
**સમયસુંદર** કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદ રે...પં૦૫

# આઠમનું સ્તવન

(ઢાળ પહેલી)

શ્રી રાજગૃહી શુભ ઠામ અધિક દીવાજે રે,
વિચરંતા વીરજિણંદ અતિશય છાજે રે;
ચોત્રીસ અને પાંત્રીશ વાણી ગુણ લાવે રે,
પાંઉધાર્યા વધામણી જાય, શ્રેણિક આવેરે...(૧)

તિહાં ચોસઠ સુરપતિ આવીને ત્રિગડું બનાવે રે,
તેમાં બેસીને ઉપદેશ પ્રભુજી સુણાવે રે;
સુર નર ને તિર્યંચ નિજ નિજ ભાષા રે,
તિહાં સમજીને ભવતીર પામે સુખ ખાસારે...(૨)

તિહાં ઇંદ્રભૂતિ ગણધાર શ્રી ગુરુ વીરને રે,
પૂછે અષ્ટમીનો મહિમાય "કહો પ્રભુ અમને રે,
તવ ભાખે વીરજિણંદ "સુણો સહુ પ્રાણી રે,
આઠમદિન જિનનાં કલ્યાણ, ધરો ચિત્ત આણી રે...(૩)

(ઢાળ બીજી)

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યું ભલે વાન રે;
ત્રીજા સંભવનું ચ્યવનકલ્યાણ, ભવિજન અષ્ટમી તિથિ સેવો રે,
એ છે શિવવધૂ વરવાનો મેવો. ભવિજન૦૧

શ્રી અજિત સુમતિ નમિ જનમ્યા રે, અભિનંદનશિવપદ પામ્યારે;
જિન સાતમા ચ્યવન દીપાવ્યા. ભવિજન૦૨

વીશમા મુનિસુવ્રતસ્વામી રે, તેનો જન્મ હોય ગુણધામી રે;
બાવીશમા શિવવિશરામી. ભવિજન૦૩

પારસજિન મોક્ષ મહંતા રે, ઇત્યાદિક જિન ગુણવંતા રે;
કલ્યાણક મુખ્ય કહંતા. ભવિજન૦૪

શ્રીવીરજિણંદની વાણી રે, સુણી સમજ્યા બહુ ભવ્ય પ્રાણી રે;
આઠમ દિન અતિગુણખાણી ભવિજન૦૫

આઠ કર્મ તે દૂર પલાય રે, એથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાય રે;
તે કારણ સેવો ગુણ લાય. ભવિજન૦૬

શ્રી **ઉદયસાગરસૂરિરાયા** રે, ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાયસાગર ગુણ ગાયા. ભવિજન૦૭

# શ્રી સમ્મેતશિખરગિરિ સ્તવન

સમ્મેતશિખર જિન વંદીએ, મ્હોટું તીરથ એહ રે;
પાર પમાડે ભવતણો, તીરથ કહિયે તેહ રે...સ૦૧

અજિતથી સુમતિ જિણંદ લગે; સહસ મુનિ પરિવાર રે;
પદ્મપ્રભ શિવ-સુખ વર્યા, ત્રણસેં અડ અણગાર રે....સ૦૨

પાંચશે મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદ રે;
ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણિંદ રે...સ૦૩

છ હજાર મુનિ રાજશું, વિમલ-જિનેશ્વર સિદ્ધા રે;
સાત સહસશું ચૌદમા, જિન કારજ વર કીધાં રે...સ૦૪

એકસો આઠશું ધર્મજી, નવસેશું શાંતિનાથ રે;
કુંથું અર સહસશું, સાચો શિવપુર સાથ રે...સ૦૫

મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમિ એક હજાર રે;
તેત્રીશ મુનિ યુત પાસજી, વરિયા શિવસુખ સાર રે...સ૦૬

સત્તાવીશ સહસ ત્રણશેં, ઉપર ઓગણ પચાસ રે;
જિન પરિકર બીજા કેઇ, પામ્યા શિવપુર વાસ રે...સ૦૭

એ વીશે જિન એણે ગિરિ, સિદ્ધા અણસણ લેઇ રે;
**પદ્મવિજય** કહે પ્રણમિયે, પાસ શામલાનું ચેઇય રે...સ૦૮

# श्री सम्मेतशिखरगिरि स्तवन

આજ સફળ દિન ઉગ્યો હો, શ્રી સમ્મેતશિખરગિરિ ભેટીયો રે;
કાંઇ જાગ્યા પુણ્ય અંકુર, ભૂલ અનાદિની ભાંગી હો;
અબ જાગી સમકિત વાસના રે, કાંઇ પ્રગટયો આનંદ પૂર.
આજ સફળ દિન ઉગ્યો હો...(૧)

વિષય પહાડની ઝાડી હો, નદી આડી ઓલંઘી ઘણી રે;
કાંઇ ઓલંધ્યા બહુ દેશ, શ્રી ગિરિરાજને નિરખી હો;
મન હરખી દુઃખડાં વિસર્યા રે, કાંઇ પ્રગટ્યો ભાવ વિશેષ.
આજ સફળ દિન ઉગ્યો હો...(૨)

વીસે ટુંકે ભગતે હો, વલી વીસે જિનપતિ રે;
મેં ભેટ્યા ધરી બહુ ભાવ, શામલા પાસજી હો;
તવ ધ્રુજયા મોહાદિક રિપુ રે, એ તીરથ ભવ જલ નાવ.
આજ સફળ દિન ઉગ્યો હો...(૩)

તીરથ સેવા મેવા હો, મુજ હેવા લેવાને ઘણું રે ;
તે પૂરણ પામ્યો આજ, ત્રણ ભુવન ઠકુરાઇ હો,
મુજ આઇ સઘળી હાથમાં રે, કાંઇ સિધ્યા સઘળાં કાજ.
આજ સફળ દિન ઉગ્યો હો...(૪)

આશ પાસ મુજ પૂરે હો, દુઃખ ચુરે શામલીયો સદા રે;
ત્રેવીસમો જિનરાજ, એ પ્રભુના પદપદ્મે સુખસદ્મ;
મુજ મન મોહીયું રે ; કવિ **રૂપવિજય** કહે આજ.
આજ સફળ દિન ઉગ્યો હો...(૫)

## શ્રી સમ્મેતશિખરગિરિ સ્તવન

સમેતશિખરની જાતરા નિત્ય કરીયે, નિત્ય કરીયે રે નિત્ય કરીયે;
નિત્ય કરીયે તો દુરિત નીહરીયે, તરીયે સંસાર.સમેત૦૧

શિવવધૂ વરવા આવીયા મન રંગે, વીશ જિનવર અતિ ઉછરંગે,
ગિરિ ચઢીયા ચઢતે રંગે, કરવા નિજકાજ.સમેત૦૨

અજિતાદિ વીશ જિનેશ્વરા વીશે ટુંકે, કીધું અણસણ કિરિયા નચૂકે;
ધ્યાન શુક્લ હૃદયથી ન મૂકે, પાયા પદ નિરવાણ.સમેત૦૩

શિવસુખ ભોગી તે થયા જિનરાયા, ભાંગે સાદિ અનંત કહાયા;
પર પુદ્‌ગલ સંગ છોડાયા, ધન્ય ધન્ય જિનરાય.સમેત૦૪

તારણ તીરથ તેહથી તે કહીયે, નિત્ય તેહની છાયામાં રહીયે;
રહિયે તો સુખિયા થઇએ, બીજું શરણ ન કોય.સમેત૦૫

ઓગણીસેં બાસઠ માઘની વદિ જાણો, ચતુર્દશી શ્રેષ્ઠ વખાણો ;
હમે ભેટ્યો તીરથનો રાણો, રંગે ગુરુવાર.સમેત૦૬

ઉત્તમ તીરથ જાતરા જે કરશે, વલી જિન આજ્ઞા શિર ધરશે;
કહે **વીરવિજય** તે વરશે, મંગલ શિવમાળ.સમેત૦૭

# "અમૃતવેલ" સજઝાય

ચેતન ! જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ. પાળીયે સહજગુણ આપ રે..ચે૦૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે..ચે૦૨

ક્રોધ અનુબંધ નવિ રાખીયે, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત-રત્ન રુચિ જોડીએ છોડીએ કુમતિ મતિ કાચ રે..ચે૦૩

શુદ્ધ પરિણામને કારણે, ચારના શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે..ચે૦૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે..ચે૦૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જ કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન-આનંદ ભરપૂર રે..ચે૦૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે..ચે૦૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે;
સુખહેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવ રે..ચે૦૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધ રે..ચે૦૯

ઇહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ ઘાત રે.ચે૦૧

ગુરુતણાં જે વચન અવગણી, ગુંથીયા આપ મતજાલ રે;
બહુપરે લોકને ભોળવ્યા, નિંદિયે તેહ જંજાલ રે.ચે૦૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયા, કીધલો કામ ઉન્માદ રે.ચે૦૧

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયાં ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુવા, જે કિયો કલહ ઉપાય રે.ચે૦૧

જૂઠ જે આળ પરને દિયાં, જે કર્યાં પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વળિય મિથ્યાત્વ સંતાપ રે.ચે૦૧

પાપ જે એહવાં સેવિયાં, તેહ નિંદિયે ત્રિહુંકાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાલ રે.ચે૦

વિશ્વ ઉપગાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તે ગુણ તાસ અનુમોદીયે, પુણ્ય અનુબંધ શુભયોગ રે.ચે૦

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણવન સિંચવા મેહ રે.ચ૦

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે.ચે૦

જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જેહ સમકિતી સદાચાર રે;
સમકિતદૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે.ચે૦

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત-બીજ નિરધાર રે.ચે૦૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ-રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે.ચે૦૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભલી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિરગુણ નિજાતમા જાણ રે.ચે૦૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાપનાશયતણું ઠામ રે.ચે૦૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે.ચે૦૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જિમ જલધિ-વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે.ચે૦૨૫

ધરતાં ધર્મની ધારણા, મારતા મોહ વડ ચોર રે;
જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે.ચે૦૨૬

રાગવિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વમુનિ વચન સંભારતા, વારતાં કર્મ નિઃશેષ રે.ચે૦૨૭

દેખીએ માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણ છોડતા ચાલિએ, પામીયે જિમ પરમધામ રે.ચે૦૨૮

શ્રી **નયવિજય** ગુરુ શિષ્યની, શિખડી અમૃતવેલ રે;
એહ જે **ચતુર** નર આદરે, તે લહે સુજસ રંગ રેલ રે.ચે૦૨૯


## શ્રી મલ્લિનાથ-જિન સ્તવન

(રાગ-શ્રી રામ)

મલ્લી-જિણંદ સદા નમીયે
પ્રભુ કે ચરણ-કમલ-રસ લીણે,
મધુકર જયું હૂઇ રમીયે-મલ્લિ૦ ॥૧॥
નિરખી વદન-શશી શ્રીજિનવર કો,
નિશિ-વાસર સુખમેં ગમીએ-મલ્લિ૦ ॥૨॥
ઉજવલ-ગુણ-સમરણ ચિત્ત ધરીયે,
કબહું ન ભવ-સાયર ભમીયે-મલ્લિ૦ ॥૩॥
સમતા-રસ મેં જયોં ઝીલીજે,
રાગ-દ્વેષકો ઉપશમીયે - મલ્લિ૦ ॥૪॥
કહે **જિનહર્ષ** મુગતિ-સુખ લહીયે,
કઠિન-કર્મ નિજ [1]અપક્રમીયે-મલ્લિ૦ ॥૫॥

---

૧. ઓછા કરીએ દુર કરીએ



## શ્રી ઋષભદેવ-જિન સ્તવન

### (આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે-એદેશી)

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો જેણે[1] તુજ નયણ દીઠો;
દુઃખ ટળ્યાં સુખ મળ્યાં સ્વામિ ! તુમ નિરખતાં,
સુકૃત-સંચય હુઓ પાપ[2]નીઠો-ઋષભ૦।।૧।।

[3]કલ્પશાખી ફળ્યો કામઘટ મુજ મળ્યો,
આંગણે અમિયનો મેહ વૂઠો;
મુજ [4]મહીરાણ [5]મહી-ભાણ તુજ દર્શને,
ક્ષય ગયો કુમતિ-અંધાર જૂઠો-ઋષભ૦।।૨।।

કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે?
કવણ કુંજર[6]તજી[7]કરહ લેવે?;
કવણ બેસે તજી કલ્પતરૂ બાઉલે?,
તુજ તજી અવર સુર કોણ સેવે?-ઋણભ૦।।૩।।

એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,
તુજ વિના દેવ દુજો ન [8]ઈહું;
તુજ વચન-રાગ સુખ-સાગરે ઝીલતો,
કર્મ ભર ભ્રમ થકી હું ન બીહું.-ઋષભ૦।।૪।।

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ ! તું એક પ્યારો;
પતિત-પાવન સમો જગત-ઉદ્ધાર-કર,?
મહેર કરી મોહે ભવ જલધિ તારો-ઋષભ૦ ॥૫॥

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબલ પ્રતિબંધ લાગો;
ચમક-પાષાણ જિમ લોહને ખેંચશ્યે,
મુક્તિને સહજ તુજ ભક્તિ-રાગો-ઋષભ૦ ॥૬॥

ધન્ય ! તે કાય જેણિ પાય તુજ પ્રણમિયે,
તુજ થુણે જેહ ધન્ય ! જિહા!
ધન્ય ! તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય ! તે રાત ને ધન્ય ! દીહા-ઋષભ૦ ॥૭॥

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાશો ?;
રયણ એક દેત શી હાણ રયણાયરે?
લોકની આપદા જેણે નાસો-ઋષભ૦ ॥૮॥

ગંગ સમ રંગ તુજ કીર્તિ-[૯]કલ્લોલિની,
રવિથકી અધિક તપ-તેજ તાજો ;
**નયવિજય** વિબુધ સેવક હું આપરો,
**જશ** કહે અબ મોહે ભવ [૧૦]નિવાજો-ઋષભ૦ ॥૯॥

---

૧. જે કારણ થી ૨. દૂર થયું ૩. કલ્પપૃક્ષ ૪. વેરાન જેવી ૫. પૃથ્વીમાં સૂર્ય જેવાં ૬.
હાથી ૭. ઉંટ ૮. ઇચ્છું ૯. નદી ૧૦. દૂર કરો

## શ્રી ઋષભદેવ-જિન સ્તવન

(રાગ-ઓધવજી ! સંદેશો કહેજો મારા શ્યમને)

ઋષભ-જિનેશ્વર ! સ્વામી એ અરજી માહરી,
અવધારો કંઇ ત્રણ ભુવનના દેવ જો;
કરૂણાનંદ અખંડ રે જયોતિ-સ્વરૂપ છો,
એહવા જોઇને મેં આદરી તુમ સેવ જો..॥૧॥

લાખ ચોરાશી યોનિરે વારોવાર હું ભમ્યો,
ચોવીશ દંડકે ઉભગ્યું મારૂં મન જાગ્યું;
નિગોદાદિક ફરસી રે સ્થાવર હું થયો,
એમ રે ભમતો આવ્યો વિગલેન્દ્રિ ઉપન્ન જો..॥૨॥

તિર્યંચ-પંચેન્દ્રિ તણારે ભવ મેં બહુ કર્યા,
ફરસી ફરસી ચૌદ રાજ મહારાજ જો;
દશ-દ્દષ્ટાન્તે દોહિલો મનુષ્ય-જન્મ અવતર્યો,
એમ રે ચઢતો આવ્યો શેરીએ શિવરાજ જો..॥૩॥

જગતતણા બંધવ રે જગ સથ્થવાહ છો,
જગત-ગુરુ જગરક્ખણ એ દેવ જો;
અજરામર અ-વિનાશી રે જયોતિ-સ્વરૂપ છો,
સુર-નર કરતા તુજ ચરણની સેવ જો..॥૪॥

મરૂદેવીના નંદન રે વંદના માહરી,
અવધારો કાંઇ પ્રભુજી ! મહારાજ જો;
ચૌદ રાજનો ઉચ્છિષ્ટ હું પ્રભુજી ! તારીયે,
દીજીયે રે કોઇ વાંછિત-ફળ જિનરાજ જો..॥૫॥

વંદના નિસુણી રે પરમ-સુખ દીજીયે,
કીજીયે રે કંઇ જન્મ-મરણ દુઃખ દૂર જો,;
**પદ્મવિજયજી** સુપસાયે રે ઋષભ-જિન ભેટીયા,
જિન વંદે કંઇ પ્રહ ઉગમતે સૂર જો..॥૬॥

## શ્રી ચંદ્રપ્રભ-જિન સ્તવન

તુંહી તુંહી સાહિબારે, મન માન્યા
તું તો અ-કળ-સ્વરૂપ જગતમાં, કોણે[1] ન પાયો
શબ્દે બોલી ઓળખાયો, શબ્દાતીત ઠરાયો-તુંહી૦॥૧॥

રૂપ નિહાળી પરિચય કીનો, રૂપમાંહિ નહિ આયો
પ્રાતિહારજ અતિશય [2]અહિનાણે,
શાસ્ત્રામાં[3] બુધે ન લખાયો,-તુંહી૦॥૨॥
શબ્દ ન રૂપ ન રસ ન ગંધ ન, ફરસ ન વરણ ન વેદ.
નહિ સંજ્ઞા નહિં છેદન ભેદન,
હાસ નહી નહી ખેદ-તુંહી૦॥૩॥

સુખ નહીં દુઃખ નહીં વળી વાંછા નહીં,
નહીં રોગ યોગ ને ભોગ
ગતિ નહીં થિતિ નહીં રતિ નહીં અરતિ,
નહીં તુજ હરખ ને શોગ-તુંહી.॥૪॥

પુણ્ય ન પાપ ન બંધ ન, છેદ ન,
જનમ ન, મરણ ન વ્રીડા
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહી,
નહી, સંતાપ ને ક્રીડા-તુંહી.॥૫॥

અ-લખ અ-ગોચર અ-જ અ-વિનાશી,
અ-વિકારી નિરૂપાધિ
પૂરણ બ્રહ્મ ચિદાનંદ સાહિબ ધ્યાયો સહજ સમાધિ-તુંહી.॥૬॥

જે જે પૂજા તે તે અંગે, તું તો અંગથી દૂરે;
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે-તુંહી.॥૭॥

ચિદાનંદઘન-કેરી પૂજા, નિર્વિકલ્પ ઉપયોગ
આતમ-પરમાતમને અ-ભેદે,
નહી કોઈ જડનો જોગ-તુંહી.॥૮॥

રૂપાતીત-ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભ જિનરાય
**માનવિજય** વાચક ઈમ જંપે,
પ્રભુ સરખાઈ થાય-તુંહી.॥૯॥

---

૧ કોઈએ ૨ નિશાનીથી ૩ પંડિત પુરૂષથી

# શ્રી શાંતિનાથ-જિન સ્તવન

શાંતિ-જિનેશ્વર સાહિબા ! રે, શાંતિ તણા દાતાર;
અંતરજામી છો ! માહરા રે,આતમના આધાર-શાંતિ૦...॥૧॥

ચિત્ત ચાહે પ્રભુ ! ચાકરી રે,મન ચાહે મળવાને કાજ;
નયણ ચાહે પ્રભુ નિરખવા રે,દ્યો ! દરિશન મહારાજ-શાંતિ૦...॥૨॥

પલક ન વિસરી મન થકી રે, જેમ [૧]મોરા મન મેહ;
[૨]એક-પખો કેમ રાખીયે રે?રાજ કપટનો નેહ-શાંતિ૦...॥૩॥

નેહ-નજરે નિહાળતાં રે, વાધે બમણો [૩]વાન;
અ-ખૂટ ખજાનો પ્રભુ ! તાહરો રે,દીજિયે વંછિત-દાન-શાંતિ૦...॥૪॥

આશ કરે જે કોઇ આપણી રે, નવિ મુકીયે નિરાશ;
સેવક જાણીને આપણો રે,દીજીયે તાસ દિલાસ-શાંતિ૦...॥૫॥

દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર;
કાજ સરે નિજ-દાસનાં રે,એ મોટો ઉપકાર-શાંતિ૦...॥૬॥

એવું જાણીને જગ-ધણી રે, દિલમાંહી ધરજો ! પ્યાર;
**રૂપવિજય** કવિરાયનો રે,મોહન જય જયકાર-શાંતિ૦...॥૭॥

---

૧. મોરનાં ૨. એક તરફી ૩. અનુરાગ

## શ્રી શાંતિનાથ-જિન સ્તવન

ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલુણા!
તું હી૦ધ્યાન-ભુવન જિનરાજ પરુણા ક્ષણ૦,
શાંતિ-જિનંદકો નામ અમીસેં, ઉલ્લસિત હોત હમ રોમ વપુના;
ભવ-ચોગાનમેં ફિરતે પાએ,
છોરત મેં નહિ ચરણ પ્રભુનાં-ક્ષણ૦ ॥૧॥

છીલ્લરમેં રતિ કબહૂ ન પાવે, જે ઝીલે જલ ગંગ-યમુના-ક્ષણ૦,
તુમ સમ હમ શિર નાથ જો થાશે, કર્મ અધૂના[૧] દૂના-ધૂના-ક્ષણ૦ ॥૨॥

મોહ-લડાઇ મેં તેરી સહાઇતો ક્ષણમેં છિન્ન-છિન્ન કરૂના-ક્ષણ૦,
નહિ ઘટે પ્રભુ [૨]આના-કૂના, અચિરા-સુત પતિ મોક્ષ વધૂના-ક્ષણ૦ ॥૩॥

ઓરકી પાસમેં આશ ન કરતે, ચાર અનંત પસાય કરુના-ક્ષણ૦,
ક્યું કર માંગત પાસ ધત્તુરે, યુગલિક યાચક કલ્પતરૂના-ક્ષણ૦ ॥૪॥

ધ્યાન ખડ્ગ વર તેરે [૩]આસંગે, મોહ ડરે સારી [૪]ભીક ભરુનાક્ષણ૦,
ધ્યાન અરૂપી તો સાંઇ અરૂપી, ભક્તે ધ્યાવત તાના-તૂના-ક્ષણ૦ ॥૫॥

અનુભવ-રંગ વધ્યો ઉપયોગે, ધ્યાન-સુ-પાનમેં કાથા-ચૂના ક્ષણ૦,
ચિદાનંદ ઝકઝોલ ઘટાસેં, શ્રી **શુભવીરવિજય** પડિપુન્ના-ક્ષણ૦ ॥૬॥

---

૧ દુઃખી થઇને થરથરવા લાગ્યા ૨ આનાકાની ૩ ભક્તિભર્યા રાગથી
૪ ભયભીત બનીને

## શ્રી શાંતિનાથ-જિન સ્તવન

(રાગ-ધન્યાશ્રી કડખો)

તાર ! મુજ તાર ! તાર ! જિનરાજ તું,
આજ મેં તોહી દેદાર પાયો
સકલ-સંપત્તિ મિલ્યો આજ શુભ દિન વલ્યો.
સુરમણિ આજ અણચિંત આયો-તાર૦..।।૧।।

તાહરી આણ હું શેષપરે શિર વહું,
નિરાતો સદા હું રહું ચિત્ત શુદ્ધિ
ભમતાં ભવ-કાનને સુરતરૂની પરે,
તું પ્રભુ ! ઓળખ્યો દેવ બુદ્ધિ-તાર૦..।।૨।।

અથિર-સંસારમાં સાર તુજ સેવના,
દેવના દેવ તુઝ સેવ સારે
શત્રુ ને મિત્ર સમભાવે બેહુ ગણે,
ભક્તવત્સલ સદા બિરૂદ ધારે-તાર૦..।।૩।।

તાહરા ચિત્તમાં દાસ બુદ્ધિ સદા,
હું વસું એહવી વાત દૂરે
પણ મુજ ચિત્તમાં તુંહી જો નિત વસે,
તો કિશું કીજીએ મોહચૂરે-તાર૦..।।૪।।

તું કૃપા-કુંભ ગતદંભ ભગવાન તું,
સકલ વિલોકને સિદ્ધિ દાતા
ત્રાણ મુજ પ્રાણ મુજ શરણ-આધાર તું,
તું સખા માત ને તાત ભ્રાતા-તાર૦..।।૫।।

આતમારામ અભિરામ અભિધાન તુજ,
સમરતાં જન્મના દુરિત જાવે
તુજ વદન-ચંદ્રમા નિશદિન પેખતાં,
નયન ચકોર આનંદ પાવે-તાર૦..॥૬॥

શ્રી વિશ્વસેન-કુળ-કમલ-દિનકર જિશ્યો,
મન વશ્યો માત અચિરા મલ્હાયો
શાંતિ-જિનરાજ શિરતાજ દાતારમાં,
અભયદાની શિરે જસ ગવાયો-તાર૦..॥૭॥

લાજ જિનરાજ અબ દાસની તો શિરે,
અવસરે મોદશ્યું લાજ પાવે
પંડિતરાય કવિ-**ધીરવિમલ** તણા
સીસ ગુણ જ્ઞાનવિમલાદિ ગાવે-તાર૦..॥૮॥

## શ્રી મુનિસુવ્રત-જિન સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરુ તુજ)

મુનિસુવ્રત હો ! પ્રભુ ! મુનિસુવ્રત મહારાજ,
સુણજો હો ! પ્રભુ ! સુણજો સેવકની કથાજી
ભવમાં હો ! પ્રભુ ! ભવમાં ભમીયો હું જેહ,
તુમને હો ! પ્રભુ ! તુમને તે કહું છું કથાજી..॥૧॥

નરકે હો ! પ્રભુ ! નરકે નૌધારો દીન,
વસીયો હો ! પ્રભુ ! વસીયો તુમ આણા વિનાજી
દીઠાં હો ! પ્રભુ ! દીઠાં દુઃખ અનંત,
વેઠી હો ! પ્રભુ ! વેઠી નાનાવિધ-વેદનાજી..॥૨॥

તિમ વલી હો ! પ્રભુ ! તિમ વલી તિર્યંચ માંહી,
જાલીમ હો ! પ્રભુ જાલીમ પીડા જેહ સહીંજી
તુંહીજ હો ! પ્રભુ ! તુંહીજ જાણે તેહુ,
કહેતાં હો ! પ્રભુ ! કહેતાં પાર પામું નહિ જી..॥૩॥

નરની હો ! પ્રભુ ! નરની જાતિમાં જેહ,
આપદા હો ! પ્રભુ ! આપદા જેમ જાયે કથીજી
તુજ વિણ હો ! પ્રભુ તુજ વિણ જાણણહાર,
તેહનો હો ! પ્રભુ ! તેહનો ત્રિભુવન કો નથીજી..॥૪॥

દેવની હો ! પ્રભુ દેવની ગતિ દુઃખ દીઠ,
તે પણ હો ! પ્રભુ ! તે પણ સમ્યક્ તું લહેજી
હોજો હો ! પ્રભુ ! હોજો તુમશું નેહ,
ભવોભવ હો ! પ્રભુ ભવોભવ **ઉદયરતન** કહેજી..॥૫॥

## શ્રી નેમિનાથ-જિન સ્તવન

પરમાતમ પૂરણ કલા,
પૂરણ-ગુણ હો ! પૂરણ જન આશ કે,
પૂરણ દૃષ્ટિ નિહાળીએ,
ચિત્ત ધરીયે હો ! અમચી અરદાસ કે-પર૦..॥૧॥

સર્વ-દેશ ઘાતી સહુ,
અ-ઘાતી હો ! કરી ઘાત દયાલ કે,
વાસ કીયો શિવમંદિરે,
મોહે વિસરી હો ! ભમતો જગ-જાલ કે-પર૦..॥૨॥

જગ-તારક પદવી લહી,
તાર્યા સહી હો ! અપરાધી અ-પાર કે,
તાત ! કહો મોહે તારતાં,
કિમ કિની ? હો ! ઈણ અવસર વાર કે-પર૦..।।૩।।

મોહ મહામદ - [૧]છાકથી,
હું છકીયો હો ! નહિ શુદ્ધિ લગાર કે,
ઉચિત સહી ઈણે અવસરે,
સેવકની હો ! કરવી સંભાળ કે-પર૦..।।૪।।

મોહ ગયે જો તારશો,
તિણ વેળા હો ! કિહાં તુમ ઉપગારકે ,
સુખ-વેળા સજ્જન ઘણા,
દુઃખ-વેળા હો ! વિરલા સંસાર કે-પર૦..।।પ।।

પણ તુમ દરિશન-જોગથી.
થયો હૃદયે હો ! અનુભવ-પ્રકાશ કે,
અનુભવ-અભ્યાસી કરે,
દુઃખદાયી હો ! સહુ કર્મ-વિનાશ કે-પર૦..।।૬।।

કર્મ-કલંક નિવારીને, નિજ રૂપે હો !
રમે રમતા રામ કે,
લહત અપૂરવ-ભાવથી,
ઈણ રીતે હો ! તુમ પદ-વિસરામ કે-પર૦..।।૭।।

ત્રિકરણ-જોગે હું વિનવું,
સુખદાયી હો ! શિવાદેવીના નંદ કે,
ચિદાનંદ મનમેં સદા,
તુમે આપો હો ! પ્રભુ ! નાણ-દિણંદ કે-પર૦ ।।૮।।

---

૧ ઘેનથી

# શ્રી નેમિનાથ-જિન સ્તવન

(તીરથની આશાતના નવિ કરીએ-એ રાગ)

શિવાનંદનકું ખેલાવે હરિગોરી,
હારે હરિગોરી ખેલાવે હોરી;
હાંરે સરોવરીયાને તીર,
નેમકુંવર કેડે પડી હરિગોરી-શિવા૦..૧

કેસરીયા વાઘા ધરી હરિ પાસે,
હારે હરિ પાસે રે ફુલવાસે;
હાંરે ફૂલ વાસે રે જળવાસે,
હારે રાધા સહુ સાથ-
-નેમકુમર ખેલાવતી તિહાં હોરી-શિવા૦..૨

નેમ-નગીના નાથજી હોરી ખેલે,
હાંરે હોરી ખેલે રસીયા ખેલે;
હાંરે રંગભરી ભરીરે કચોલે
હાંરે ઝક ઝોલે નેમ;
કેશવ કેસુડા ભરી રસ ઘોળે-શિવા૦..૩

ફાગ રાગ રસ રીતસેં ગીત ગાવે,
હાંરે ગીત ગાવે તાન બજાવે;
હાંરે હોરી ફગુઆ ખ્યાલ, ખેલવિ,
હાંરે ઉડે લાલ ગુલાલે;
લાલ કન્હૈયાં લાલસે પ્રભુ ખેલે૦ - શિવા૦..૪

ચંપક કેતકી માલતી વાસંતી,
હાંરે વસંતે તરુવર ફલિયાં,
હાંરે પ્રભુ દેખી વિનયસેં ટલિયાં,
હાંરે વાજે વીણા રસાળ,
તાલ-કંસાલ મૃદંગસે હોરી ખેલે-શિવા૦..૫
ગોવિંદ ગોપી સાથમેં પ્રભુ રમતે,
હાંરે તીનસેં વરસાં નિગમતે,
હાંરે રાજુલસેં મિલણાં કરતે,
હાંરે સહસાવન સાંઇ,
-સંજમ સાધી કેવળી હુઆ જ્ઞાની-શિવા૦..૬
રાજી હુઇ રાજીમતી વ્રત લીધું,
હાંરે પોતાનું બોલ્યું કીધું,
હાંરે નાથ સરીખું નાણ તે લીધું,
-શિવ (મોક્ષ) મંદિરમેં મ્હાલતે જોઇજોડી૦ - શિવા૦..૭
જિન ગુણ રાગ સુફાગમેં ભવિગાવો,
હાંરે દોય ધ્યાન મૃદંગ મઢાવો,
હાંરે તિંહુ શુદ્ધિ વેણ વજાવો,
હાંરે કંસતાલ વિશાલ,
-ચાર શતકની ભાવના ચઉતાલા-શિવા૦..૮
હાસ્ય રતિને મોહ અબીર વિખરીયાં,
હાંરે અનુભવ રસ ઘોળ કેસરીયાં,
હાંરે શુભવીર વચન રસભરીયાં
હાંરે ભાવ હોરી ખેલાય;
સાકારે શિવસુંદરી ઘર લાવો શિવા૦..૯

# શ્રી સામાન્ય-જિન સ્તવન

(રાગ-ધનાશ્રી)

આજ સફલ દિન મુજ તણો એ,
દીઠા શ્રી ભગવંત, અનંત-ગુણાકરૂ એ..।।૧।।

હરખે નયન-ચકોરડા એ,
નિરખી પ્રભુ-મુખચંદ, કલાગુણ-પરિવર્યુંએ..।।૨।।

દીઠા દેવ ઘણા ઘણા એ,
પણ તે નાવે ચિત્ત તો, પ્રીતિ કિહાં બને ? એ..।।૩।।

જે હીરાને સહી પારખે એ,
તે કિમ કાચ સાચ-ધરીને સંગ્રહે એ..।।૪।।

તુજ મુખ-મુદ્રા ભાવતા એ,
વિચરંતા જિનરાજ-પરે તે સાંભરે એ..।।૫।।

જિણ પરે દેશના દેયતા એ,
સમરૂં મનમાં તેહ-પ્રભો ! તુમ દરિશને એ..।।૬।।

તુમ દરિસણ વિણ હું ભમ્યો એ,
કાલ અનંત અનંત-કૃપા હવે કીજીએ એ..।।૭।।

તુમ દરિસણથી ઉજલું એ,
સમકિત વિશ્વાવીશ-લહ્યું મેં કલિયુગે એ..।।૮।।

સતયુગથી કલિયુગ ભલો એ,
લહ્યું સમક્તિ મંડાણ, જિહાં તું ઓલખ્યો એ..॥૯॥

મેરૂ થકી મરૂધર ભલો એ,
જિહાં સુરતરૂની છાંય, લહીજે સુખકરૂ એ..॥૧૦॥

સકળ પદારથ પામીયા એ,
દીઠે તુમ્હ દીદાર, જુલામલ જ્યોતિમાં એ..॥૧૧॥

**જ્ઞાનવિમલ-પ્રભુ** સેવતાં એ,
અવિચલ-સુખ નિતુ હોય, કરો નિત્ય વંદનાએ..॥૧૨॥

## શ્રી સામાન્ય-જિન સ્તવન

(રાગ સારંગ)

હમ લીનેં હે પ્રભુ ધ્યાનમેં,
કરમ-ભરમ-જંજીરસે છુટે, હોઇ રહેં એક તાનમેં,
હમ૦॥૧॥

રોમ રોમ પરમાનંદ ઉલસત. હોત મગનતા જ્ઞાનમેં,
સવિ સ-ભાવમેં તુંહી તુંહી,
ઓર ન આવત માનસેં-હમ૦॥૨॥

જ્યું તરવારે અરિ દૂર નિકંદે, અલગ રહી હે મ્યાનસે,
આતમ-શક્તિ ભગતિ જ્યું તેસી,
હોવે પુદ્ગલ-ઠાનસેં-હમ૦॥૩॥

અહનિશ મૈત્રીભાવ ઉદાસીત, ત્રિભુવન અભયા-દાનસે,
અજબ કલા કોઇ ઐસી તુમ્હચી,
નિશ્ચિત નય પરધાનસે-હમ૦॥૪॥

**જ્ઞાનવિમલ**-પ્રભુતા ગુણ તેરો, પસયો[૧]આનપ્રાનસેં,
સહજ સદાગમ-બોધ સુલભતા,
દેઇ સફલ કરો દાનસેં-હમ૦॥૫॥

૧. શ્વાસોચ્છવાસમાં

## શ્રી સામાન્ય-જિન સ્તવન

જિણંદા ! વો દિન ક્યું ન સંભારે?
સાહિબ ! તુમ્હ-અમ્હ સમય અનંતો,
એકઠા ઇણે સંસારે-જિણંદા..૦॥૧॥

આપ અજર-અમર હોઇ બેઠા, સેવક કરીય કિનારે ,
મોટા જેહ કરે તે છાજે,
તિહાં કુણ તુમ્હને વારે ?-જિ..૦॥૨॥

ત્રિભુવન-ઠકુરાઇ અબ પાઇ, કહો ! તુમ્હ કો કુણ સારે?
આપ ઉદાસ-ભાવમેં આયે,
દાસકું ક્યું ન સુધારે ?-જિ..૦॥૩॥

તુંહી તુંહી તુંહી તુંહી, તુંહી, જે ચિત્ત ધારે ,
ચાહી હેતુ જે આપ સભાવે,
ભવ-જલ પાર ઉતારે-જિ..૦॥૪॥

**જ્ઞાનવિમલ**-ગુણ પરમાનંદે, સકલ સમીહિત સારે ,
બાહ્ય-અભ્યંતર ઇતિ-ઉપદ્રવ,
અરિયણ દૂર નિવારે-જિ..૦॥૫॥

## શ્રી સામાન્ય-જિન સ્તવન

(રાગ-અડાણો)

પ્રભુ ! તેરી ભક્તિ સદા સુખદાઇ
અવિધિ-આશાતના દૂર કરીને,
જો કરે મન નિરમાઇ-પ્રભુ૰ ॥૧॥

ઘર આંગણ પર સ્વર્ગતણા સુખ, નરસુખ લહત સવાઇ
સૌભાગ્યાદિક સહજ સુભગતા,
સહચર પરે ચતુરાઇ-પ્રભુ૰॥૨॥

દુસ્તર ભવ-જલનિધિ સુખે તરીયે, દૂરે અરતિ-બલાઇ
મન-વચન-તનુ કરી ભવે-ભવેચાહું,
એહિજ સુકૃત-કમાઇ-પ્રભુ૰॥૩॥

જ્ઞાનવિમલ-ગુણ પ્રભુતા પામી, શિવ-સુંદરી મિલી ધાઇ
સમકિતપદ જિનપદ ગુણ-સંભવ,
એ ગુણ કરણ વડાઇ-પ્રભુ૰॥૪॥

# શ્રી સામાન્ય જિન સ્તવન

(રાગ-હે દયાધન ક્યારે જોશો)

જીવ જીવન પ્રભુ મ્હારા, અબોલડાં શાનાં લીધાં છે રાજ;
તમે અમારા અમે તમારા,વાસ નિગોદમાં રહેતા અબોલડાં ૧

કાલ અનંત સ્નેહી પ્યારા,કદીય ન અંતર કરતા;
બાદર સ્થાવરમાં બેહુ આપણ,કાલ અસંખ્ય નિગમતા.અબો૨

વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા,વિસર્યા નવિ વિસરતા;
નરકસ્થાને રહ્યા બહુ સાથે,તિહાં પણ બેહુ દુઃખ સહતાં.અબો૩

પરમા ધામી સનમુખ આપણ,ટગ ટગ નજરે જોતાં;
દેવના ભવમાં એક વિમાને,દેવનાં સુખ અનુભવતા.અબો૪

એકણ પાસે દેવશય્યામાં,થેઇ થેઇ નાટક સુણતાં;
તિહાં પણ તમે અને અમે બેઉ સાથે,જિન જન્મ મહોત્સવ કરતા.અબો૫

તિર્યંચ ગતિમાં સુખદુઃખ અનુભવતા,તિહાં પણ સંગ ચલંતા;
એક દિન સમવસરણમાં આપણ,જિન ગુણ અમૃત પીતા.અબો૬

એક દિન તમે અને અમે બેઉ સાથે,વેલડીએ વળગીને ફરતા;
એક દિન બાળપણમાં આપણે,ગેડી દડે નિત્ય રમતા.અબો૭

તમે અમે બેઉ સિદ્ધ સ્વરૂપી,એવી કથા નિત્ય કરતા;
એક કુલ ગોત્ર એક ઠેકાણે,એક જ થાળીમાં જમતા.અબો૮

એક દિન હું ઠાકોર તમે ચાકર,સેવા માહરી કરતા;
આજ તો આપ થયા જગ ઠાકોર,સિદ્ધિ વધુના પનોતા.અબો૯

કાલ અનંતનો સ્નેહ વિસારી,કામ કીધાં મનગમતા;
હવે અંતર કીમ કીધું પ્રભુજી,ચૌદ રાજ જઇ પહોંત્યા.અબો૧૦

**દીપવિજય** કવિરાજ પ્રભુજી,જગતારણ જગ નેતા;
નિજ સેવકેને યશપદ દીજે,અનંત ગુણી ગુણવંતા.અબો૧૧

## શ્રી સામાન્ય જિન સ્તવન

આજ મહારા પ્રભુજી સ્હામું જુઓને, સેવક કહીને બોલાવો રે ;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાલ મનાવો. મોરા સાંઇરે.
આજ૦ ૧

પતિત પાવન શરણાગત વચ્છલ, એ જશ જગમાં ચાવો રે ;
મન મનાવ્યા વિણ નવિ મૂકું, એહિજ માહરો દાવો. મો.
આજ૦ ૨

કબજે આવ્યા સ્વામી હવે નહિ છોડું, જિહાં લગે તુમ સમ થાવો
રે ;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તેહી જ દાવ બતાવો. મો.
આજ૦ ૩

મહા ગોપ ને મહાનિર્યામક, એવા એવા બિરૂદ ધરાવો રે ;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, ઘણું ઘણું શું કહેવરાવો. મો.
આજ૦ ૪

**જ્ઞાનવિમલ** ગુરૂનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે ;
અચલ અભેદપણે અવલંબી, અહનિશ એહિ દિલ ધ્યાવો. મો.
આજ૦ ૫

# શ્રી સામાન્ય જિન સ્તવન

મનમાં આવજો રે નાથ ! હું થયો આજ સનાથ. મન ૦
જય જિનેશ નિરંજણો, ભંજણો ભવદુઃખરાશ;
રંજણો સવિ ભવિચિત્તનો, મંજણો પાપનો પાશ.મન૦૧

આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર ;
ભવભ્રમ સવિ ભાજી ગયા, તુંહિ ચિદાનંદ સનૂર.મન૦૨

વીતરાગભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહેજો એ ટેવ.મન૦૩

યદ્યપિ તુમે અતુલબલી, યશવાદ એમ કહેવાય;
પણ કબજે આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય.મન૦૪

મન મનાવ્યા વિણ માહરું, કેમ બંધનથી છુટાય?
મનવાંછિત દેતાં થકા કાંઈ, પાલવડો ના ઝલાય.મન૦૫

હઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ!
ઝાઝું કહાવે શું હોવે, ગિરુઆ ગરીબ નિવાજ.મન૦૬

**જ્ઞાનવિમલ** ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તો અક્ષય સુખ લીલા દીયો, જિમ હોવે સુજસ જમાવ.મન૦૭

# શ્રી સામાન્ય જિન સ્તવન

કામ સુભટ ગયો હારી રે, થાસું કામ સુભટ ગયો હારી;

રતિપતિ આણ વહે સૌ સુરનર, હરિહર બ્રહ્મ મુરારિ,થાસું૦૧

ગોપીનાથ વિગોપિત કીનો, હર અર્ધાંગત નારી રે.થાસું૦૨

તેહ અનંગ કીયો ચકચૂરણ, એ અતિશય તુજ ભારી રે.થાસું૦૩

તે સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી રે.થાસું૦૪

તે વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તબ પીવત સવિ વારિ રે.થાસું૦૫

એણી પરે તે દહવટ અતિ કીનો, વિષય અરતિ રતિ વારીરે.થાસું૦૬

નયવિમલ પ્રભુ તુંહી નિરાગી, મોટા મહાબ્રહ્મચારી રે.થાસું૦૭

# શ્રી સામાન્ય જિન સ્તવન

વિનતડી મનમોહન મારી સાંભળો, હું છું પામર પ્રાણી નીપટ અબુઝજો;
લાંબુ ટૂંકું હું કાંઇ જાણું નહિ, ત્રિભુવનનાયક તાહરા ઘરનું ગુજ્જ જો.
વિનતડી૦૧

પેલા છેલ્લા ગુણઠાણાનો આંતરો, તુજ મુજ માંહે આબેહુબ દેખાયજો ;
અંતર મેરૂ સરસવ બિંદુ સિંધુનો, શી રીતે હવે ઉભય સંધ સંધાય જો.
વિનતડી૦૨

દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યા, ભાવ દિશા પણ દૂરે કીધ અઢારજો;
સઘળા દુર્ગુણ પ્રભુજી મેં અંગીકર્યા, શી રીતે હવે થાઉં એકાકાર જો.
વિનતડી૦૩

ત્રાસ વિના પણ આણામાને તાહરી, જડ ચેતન જે લોકાલોક મંડાણજો;
હું અપરાધી તુજ આણામાનું નહિ, કહો સ્વામી કિમ હું પામુંપદનિર્વાણજો
વિનતડી૦૪

અંતર મુખની વાતો વિસ્તારી કરૂં, પણ ભીતરમાં કોરો આપો આપજો;
ભાવ વિનાની ભક્તિ લુખીનાથજી, આશીષ આપો કાપો સઘળાંપાપજો.
વિનતડી૦૫

યાદશ આણા સૂક્ષ્મતરપ્રભુ તાહરી તાદશ રૂપેમુજથી કદીયે નપળાયજો;
વાત વિચારી મનમાં ચિંતા મોટકી, કોઇ બતાવો સ્વામીસરળઉપાયજો.
વિનતડી૦૬

અતિશયધારી ઉપકારી પ્રભુ તું મલ્યો, મુજ મન માંહે પૂરો છે વિશ્વાસજો;
ધર્મરત્નત્રણ નિર્મળ રત્ન આપજો, કરજો આતમ પરમાતમ પ્રકાશજો.
વિનતડી૦૭

# શ્રી સામાન્ય જિન સ્તવન

સકલ સમતા સુરલતાનો, તુંહી અનોપમ કંદ રે;
તુંહી કૃપારસ કનકકુંભો, તુંહી જિણંદ મુણિંદ રે...(૧)

પ્રભુ તુંહી તુંહી તુંહી તુંહી યુંહી ધરતા ધ્યાન રે;
તુજ સ્વરૂપી જે થયા તેણે, લહ્યું તાહરું તાન રે.પ્રભુ૦૨

તુંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહિ અચરીજ ઠામ રે.પ્રભુ૦૩

જન્મ પાવન આજ મારો, નીરખીઓ તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજુર રે.પ્રભુ૦૪

એહ માહરો અખય આત્તમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશ રે?પ્રભુ૦૫

એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસ રે;
એમ કહી તુંજ સહજ મીલત, હોય જ્ઞાનપ્રકાશ રે.પ્રભુ૦૬

ધ્યાન ધ્યાતા ધ્યેય, એકીભાવ હોયે એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક-ભાવ હોયે ક્ષેમ રે.પ્રભુ૦૭

એક સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
**જ્ઞાનવિમલ** સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવ રે.પ્રભુ૦૮

## श्री सामान्य जिन स्तवन

આનંદકી ઘડી આઇ, સખીરી આજ આનંદકી ઘડી આઇ;
કરકે કૃપા પ્રભુ દરિસણ દીનો, ભવકી પીડ મીટાઇ,
મોહનિદ્રાસે જાગૃત કરકે, સત્યકી સાન સુણાઇ,
તન મન હર્ષ ન માઇ.સખીરી૦૧

નિત્યાનિત્યકા તોડ બતાકર, મિથ્યાદૃષ્ટિ હરાઇ;
સમ્યગજ્ઞાનકી દિવ્યપ્રભાકો, અંતરમેં પ્રગટાઇ;
સાધ્યસાધન દિખલાઇ. સખીરી૦૨

ત્યાગ વૈરાગ્ય સંયમકે યોગસે, નિઃસ્પૃહ ભાવ જગાઇ;
સર્વસંગ પરિત્યાગ કરાકર, અલખધૂન મચાઇ;
અપગત દુઃખ કહલાઇ. સખીરી૦૩

અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઇ;
વેદ તીનોંકા ક્ષય કરાકર, ક્ષીણમોહી બનવાઇ;
જીવન-મુક્તિ દિલાઇ, સખીરી૦૪

ભક્ત વત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણશરણ સુખદાઇ,
જશ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજરામર પદપાઇ,

દ્વંદ્વ સકલ મીટ જાઇ, સખીરી૦૫

# શ્રી સામાન્ય જિન સ્તવન

આજ જિનરાજ ! મુજ કાજ સિધ્યાં સવે, વિનંતિ માહરી ચિત્તધારી;
માર્ગ જો મેં લહ્યો, તુજ કૃપારસ થકી,તો હુઇ સમ્પદા પ્રગટ સારી.આજ.૧

વેગલો મત હુજે દેવ ! મુજ મન થકીકમલના વન થકી જિમ પરાગો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે મુક્તિને સહજ તુજ ભક્તિરાગો.આજ.૨

તું વસે જો પ્રભુ હર્ષભર હિયડલે, તો સકલ પાપના બંધ તૂટે,
ઉગતે ગગન સૂર્યતણે મણ્ડલે,દેહ દિશિ જિમ તિમિર પડલ ફૂટે. આજ.૩

સિંચજે તું સદા વિપુલ કરુણારસેં,મુજ મને શુદ્ધ મતિ કલ્પવેલી,
નાણ દંસણ કુસુમ ચરણવર મંજરી, મુક્તિ ફલ આપશે તે એકલી.આજ.૪

લોકસંજ્ઞાથકી લોક બહુ વાઉલો, રાઉલો દાસ તે સવિ ઉવેખે,
એક તુજ આણસું જેહ રાતા રહે, તેહને એહ નિજ મિત્ર દેખે.આજ.૫

આણજિણભાણ!તુજ એક હું શિર ધરુ અવરની વાણી નવિ અબકાનેસુણીએ;
સર્વ દર્શન તણું મૂલ તુજ શાસનેતેણે એક સુવિવેક થુણીએ.આજ.૬

તુજ વચન રાગ સુખસાગરે હું ગણુંસકલ સુર મનુજ સુખ એક બિંદુ ;
સાર કરજો સદા દેવ ! સેવક તણી,તું સુમતિ કમલિની વન દિણિંદુ,આજ.૭

જ્ઞાનયોગે ધરે તૃપ્તિ નવિ લીજિયેગાજિયેં એક તુજ વચનરાગે
શકિત ઉલ્લાસ અધિકો હોશે તુજ થકીતું સદા સયલ સુખહેતુ જાગે.આજ.૮

## શ્રી સામાન્ય જિન સ્તવન

(રાગ-સારંગ)

નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે, કૈસ મિલેંગે કૈસે મિલેંગે નિ૦ ૧

દૂર દેખું મૈં દરિયા ડુંગર, ઉંચે બાદલ નીચે જમીયું તલે રે. નિ૦ ૨

ધરતિમેં ઢુંઢું તિહાં ન પિંછાનું, અગનિ સહું તો મેરી દેહ જલે રે. નિ૦ ૩

**આનંદઘન** કહે જસ સુનો બાતાં, એહિ મિલે તો મેરો ફેરો ટલે રે. નિ૦ ૪

## શ્રી સામાન્ય જિન સ્તવન

(રાગ-માલકોષ)

ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી;

ક્રોધ લોભ મદ માન વિષયરસ, છાંડત ગેલ ન મેરી..ક્યું૦

કર્મ નચાવત તિમહી નાચત, માયાવશ નટ ચેરી..ક્યું૦

દૃષ્ટિરાગ બંધન બાંધ્યો, નિકસત ન લહી સેરી..ક્યું૦

કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી..ક્યું૦

કહત **માનજિન** ભાવભક્તિ બિનું, શિવગતિ હોત ન તેરી..ક્યું૦

## શ્રી સામાન્ય જિન સ્તવન

(રાગ-ધન્યાશ્રી અથવા ગુર્જરી)

જિન તેરે ચરણકી શરણ ગ્રહું,
હૃદયકમલમેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું.જિન ૦૧
તુજ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નાહિ કબ હુ;
તેરે ગુનકી જપું જપમાલા, અહનિશિ પાપ દહું.જિન ૦૨
મેરે મનકી તુમ સબ જાનો, ક્યા મુખ બહોત કહું?
કહે **જશવિજય** કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહુંજિન ૦૩

## શ્રી સામાન્ય જિન સ્તવન

(ઢાળ-દેશી-કેરબા)

ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં રે, તોરું નામ ધર્યું મેં ધ્યાનમાં;
ભવસય સહસ મથન, તુજ અભિધા સમજ ગયો હું શાનમાં રે.
તોરું નામ ધર્યું મેં ધ્યાનમાં.૦૧
જ્ઞાન સુશીલ સમતા શચિનાયક બેઠે ચિત્ત વિમાનમાં રે. તો૦૨
વિષય વિષમ વિષ તાત નિવારી,જેમ સુધારસ પાનમાં રે. તો૦૩
બહિરાતમ ભયો અંતર આતમ, લીનો વિશદ ગુણજ્ઞાનમાં રે. તો૦૪
અશુભ કરમ ખીન એકમે છૂટે, ધ્યાતા ધ્યેયશું તાનમાં રે. તો૦૫
**ખીમાવિજય** જિન વિજયાનંદન, સમરૂં તુંહી આન ધ્યાનમાં રે. તો૦૬

# વિવિધ જિન સ્તુતિ

## શ્રી શત્રુંજયની સ્તુતિ

(રાગ-જય જય ભવિ હિતકર વીર જિનેશ્વર દેવ)

શત્રુંજયમંડન ઋષભ, જિણંદ દયાલ,
મરૂદેવાનંદન, વંદન કરું ત્રણ કાલ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર...(૧)
ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઈણ ગિરિરાય,
એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે,
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે...(૨)
પુંડરીકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડાકોડ,
ઈણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ...(૩)
શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી,
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘનહર, કવડજક્ષ ગણ ભૂર,
શ્રી **રવિબુધસાગર**, સંઘના સંકટ ચૂર...(૪)

## શ્રી સીમંધર જિનસ્તુતિ

(રાગ-શંખેશ્વરપાસજી પૂજીએ)

અજીુવાલી તે બીજ સોહાવે રે, ચંદારુપ અનુપમ લાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, સીમંધરને વંદના કહેજો રે...(૧)
વીશ વિરહમાન જિનને વંદો રે, જિનશાસન પૂજી આણંદો રે;
ચંદા એટલું કામ તુમે કરજો રે, સીમંધરને વંદના કરજો રે...(૨)
સીમંધર જિનની વાણી રે, તે તો અમીય પાન સમાણે રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે...(૩)
સીમંધર જિનની સેવા રે, જિનશાસન ભાસન મેવા રે;
ચંદા હોજો સંઘના ત્રાતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે...(૪)

## શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

અરિહંત નમો, વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;
દર્શન નાણ ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો...(૧)
અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણો વિધિશું...(૨)
છરી પાળી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે...(૩)
સાડાચારે વરસે તપ પૂરો, એ કર્મવિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો, **નયવિમલેસર** વર આપો...(૪)

# શ્રી જ્ઞાન પંચમીની સ્તુતિ

(રાગ-સત્તરભેદી જિનપૂજા રચીને)

પાંચમને દિન ચોસઠ ઇન્દ્રે, નેમિજિન મહોત્સવ કીધો જી,
રુપે રંભા રાજીમતિને, છંડી ચારિત્ર લીધો જી;
અંજન રત્ન સમ કાયા દીપે, શંખ લંછન પ્રસિદ્ધયા જી,
કેવલ પામી મુક્તિ પહોંચ્યા, સઘળાં કારજ સિધ્યાં જી...(૧)

આબુ અષ્ટાપદ ને તારંગા, શત્રુંજયગિરિ સોહે જી,
રાણકપુર ને પાર્શ્વશંખેશ્વર, ગિરનારે મન મોહે જી;
સમેત શિખર ને વૈભારગિરિવર, ગોડી થંભણ વંદો જી,
પંચમીને દિન પૂજા કરતાં, અશુભ કર્મ નિકંદો જી...(૨)

નેમિજિનેશ્વર ત્રિગડે બેઠા, પંચમી મહિમા બોલે જી,
બીજા તપ જપ છે અતિ બહોળા, નહિ કોઇ પંચમી તોલે જી;
પાટી પોથી ઠવણી કવળી, નોકારવાલી સારી જી,
પંચમીનું ઉજમણું કરતાં, લહીએ શિવવધૂ પ્યારી જી...(૩)

શાસનદેવી સાનિધ્યકારી, આરાધી અતિ દીપે જી,
કાને કુંડળ સુર્વણ ચૂડી, રુપે રમઝમ દીપે જી;
અંબિકાદેવી વિઘ્ન હરેવી, શાસન સાનિધ્યકારી જી,
પંડિત **હેતવિજય** જયકારી, જિન જપે જયકારી જી...(૪)

# શ્રી મૌન એકાદશીની સ્તુતિ

(રાગ-સત્તરભેદી જિનપૂજા રચીને)

નિરુપમ નેમિજિનેશ્વર ભાખે, એકાદશી અભિરામ જી,
એક મને કરી જેહ આરાધે, તે પામે શિવ ઠામ જી;
તેહ નિસુણી માધવ પૂછે, મન ધરી અતિ આનંદા જી,
એકાદશીનો એહવો મહિમા, સાંભળી કહે જિણંદા જી...(૧)

એકશત અધિક પચાસ પ્રમાણ, કલ્યાણક સવિ જિનના જી,
તેહ ભણી તે દિન આરાધો, છંડી પાપ સવિ મનના જી;
પોષહ કરીએ મૌન આદરીયે, પરિહરિયે અભિમાન જી,
તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાન જી...(૨)

પ્રભાતે પડિક્કમણું કરીને, પોષહ પણ તિહાં પારી જી,
દેવ જુહારી ગુરુને વાંદી, દેશના નિસુણી વાણી જી;
સાહમી જમાડી કર્મ ખપાવી, ઉજમણું ઘર માંડું જી,
અશનાદિક ગુરુને વહોરાવી, પારણું કરું પછી વારું જી...(૩)

બાવીશમાજિન એણી પરે બોલે, સુણ તું કૃષ્ણનરિંદા જી,
એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખવૃંદા જી;
દેવી અંબાઇ પુણ્ય પસાયે, નેમીશ્વર હિતકારી જી,
પંડિત **હરખવિજય** તસ શિષ્ય, માનવિજય જયકારી જી...(૪)

# શ્રી બીજની સ્તુતિ

(રાગ-શત્રુંજયમંડન ઋષભજિણંદ દયાલ)

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ,
રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જિહાં રેખ;
તિહાં ચંદ્ર વિમાને, શાશ્વત જિનવર જેહ,
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ...(૧)

અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ,
અરનાથ સુમતિજિન, વાસુપૂજય શિવ સાથ;
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ,
હું બીજ તણે દિન, પ્રણમુ તે સુવિહાણ...(૨)

પ્રકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત,
જિમ વિમલ કમલ, દોય વિપુલ નયન વિકસંત;
આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર,
બીજે સવિ કીજે, પાતકનો પરિહાર...(૩)

ગજગામિનિ કામિની, કમલ સુકોમલ ચીર,
ચક્કસરી કેસરી, સરસ સુગંધ શરીર;
કરજોડી બીજે, હું પ્રણમું તસ પાય,
એમ **લબ્ધિવિજય** કહે, પૂરો મનોરથે માય...(૪)

# મહાવીર સ્વામીનું હાલરડું

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાનાં ગીત;
સોના રૂપાને વળી રતને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી ગાવે છુમ છુમ રીત;
હાલો હાલો હાલો હાલો મારા નંદને.હાલો૦૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જિન પરિણામ;
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભળી;
સાચી સાચી હુઈ તે મ્હારે અમૃત વાણ.હાલો૦૨

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રિરાજ;
જિનજી પાર્શ્વ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ.હાલો૦૩

મ્હારી કુખે આવ્યા ત્રણ્ય ભુવન શિરતાજ,
મ્હારી કુખે આવ્યા સંઘતિરથની લાજ,
મ્હારી કુખે આવ્યા તારણ તરણ જહાજ;
હું તો પુણ્ય પનોતી ઈંદ્રાણી થઈ આજ.હાલો૦૪

મુજને દોહલાં ઉપન્યાં બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન ત્હારા તેજનાં,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય.હાલો૦૫

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે.
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બીરાજતો,
મેં તો પહેલા સ્વપ્ને દીઠો વિસવાવીશ.હાલો૦૬

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દીયર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ;
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ.હાલો૦૭

નંદન નવલા ચેડા રાજાનાં ભાણેજ છો,
નંદન નવલી પાંચસે મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ;
હસશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણેજા;
આંખ્યો આંજીને વળી ટપકું કરશે ગાલ.હાલો૦૮

નંદન મામા મામી લાવશે ટોપી આંગળા,
રતને જડીઆં ઝાલર મોતી કસબી કોર;
નીલા પીળા ને વળી રાતા સરવે જાતિના,
પહેરાવશે મામી મ્હારા નંદ કિશોર.હાલો૦૯

નંદન મામા મામી સુખલડી બહું લાવશે,
નંદન ગજુવે ભરશે લાડુ મોતી ચૂર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર.હાલો૦૧૦

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મ્હારી ભત્રીજી ને બ્હેન તમારી નંદ;
તે પણ ગુંજે ભરવા લાખણ સાંઈ લાવશે,
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ.હાલો૦૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ;
સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી;
મામી લાવશે રમવા નંદ તમારે કાજ.હાલો૦૧૨

છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલી ઘરની માંહ;
ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાં.હાલો૦૧૩


તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારી કોટી કોટી ચંદ્રમા,
વળી તન પર વારી ગ્રહગણનો સમુદાય.હાલો૦૧૪

નંદન નવલા ભણવા નિશાળે પણ મુકશું,
ગજ પર અંબાડી બ્હેસાડી મોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ.હાલો૦૧૫

નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવીશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર,
સરખે સરખી વેવાઈ વેવાણો પધરાવશું,
વહુવર પોંખી લેશું જોઈ જોઈને દેદાર.હાલો૦૧૬

પીયર સાસર મ્હારા બેહુ પખ નંદન ઉજળા,
મારી કુખે આવ્યા તાત પનોતા નંદ;
મ્હારે આંગણ વુઠ્યા અમૃત દુધે મેહુલા,
મ્હારે આંગણ ફલીયા સુરતરૂ સુખના કંદ.હાલો૦૧૭

ઇણિપરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજય;
**બીલીમોરા** નયરે વર્ણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો **દીપવિજય** કવિરાજ.હાલો૦૧૮



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી ગૌતમ-સ્વામીનો છંદ

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન..૧
ગૌતમ નામે ગિરિવર ચડે, મનવાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ-સંજોગ..૨
જે વૈરી વિરુઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરું વખાણ..૩
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણગાર,ગૌતમ નામે જય જયકાર..૪
શાલ, દાલ સુરહા ધૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોળ;
ઘર સુઘરણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત..૫
ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામે જપો જગ જાણ;
મોટા મંદિર મેરુ સમાંન, ગૌતમ નામે સફલ વિહાણ..૬
ઘર મયગલ ઘોડાની જોડ, વારુ પહોંચે વંછિત કોડ;
મહિયલ માને મહોટા રાય, [illegible]
ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, [illegible]
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, [illegible]
પુણ્યવંત અવધારો સહુ , ગુ[illegible]
કહે લાવણ્યસમય કર જોડ, [illegible]

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-[illegible]